ગાંગો સલાટ.

એક કલ્પિત વારતા.

બનાવનાર

માળી નથુ ભગવાન ધોળકીઆ.

મહેતાજી-વંડા પ્રગણે કુંડલા

અમદાવાદ.

આર્યોદય પ્રેસ.

સવત ૧૯૫૨——સને ૧૮૯૬.

કીંમત રૂ. ૦-૩-૦.

ગાંગો સલાટ. ૬૩૨૯

રજપૂત સંસ્થાનમાં રાયગઢ કરીને એક શહેર હતું. તે શહેરને ફરતો કિલ્લો ને ઠેકઠેકાણે બુરજો (કોઠા) હતા. તેને બાર દરવાજા હતા, અને અઢારે વરણની વસ્તી તે શહેરમાં રહેતી હતી. અને તેનો રાજા ભીમસીંહ હતો.

તે રાયગઢમાં સલટોની વસ્તી ઘણી હતી. ત્રણસેં ઘર તેમના હતા તેમાં સર્વથી મોટો મીસ્ત્રીમાં ગણાતો અને નાત પટેલ ગાંગો સલાટ મુખ્ય હતો. ત્રણસેંએ ઘરના સલાટો તેના કહ્યા પ્રમાણે વર્તતા હતા. એવો તેનામાં સંપ હતો તેથી બીજા કારીગરને મજુરોના પ્રમાણમાં તેમનો દર વધારે હતો, ને તેથી સર્વે સલાટો પૈસેટકે સુખી હતા. તેમાં ગાંગો સલાટ તો બે ત્રણ લાખનો આશામી ગણાતો હતો.

ગાંગો ગામમાંજ પરણેલો હતો. તેની સ્ત્રીનું નામ કેશર હતું. વખત સારો હોવાથી અને પૈસે ટકે સુખી હોવાથી તેમજ નાતનો પટેલ અને સર્વ સલાટોમાં સંપ તથા સર્વ તેનાજ દોરાયા દોરાય તેમ હોવાથી ગાંગે થોડે પૈસે પોતાના મકાન ઘણી ઉંચી બાંધણીના ત્રણ ચાર માળ બાંધી કરેલ હતા. વળી ફળી. રસોડું, ઘરના જૂદા જૂદા ભાગો, ઢોર બાંધવાને ઢાળીઉં અને વાડો વગેરે સર્વ જાતની સોઇ કરેલી હતી. મકાન પણ રંગી ચિત્રામણથી શોભીત કરેલ હ હાથનોજ કશબ માટે કંઇ પણ ખામી રાખેલ નહોતી.

તે ગાંગા સલાટને ઘણી ખોટનો એક દીકરો હતો, બાકી બેન, ભાઇ, બીજો દીકરો કે દીકરી કંઇ હતું નહીં તેથી ગાંગાની સર્વ આશાઓ તેનાપર હતી. તે દીકરાનું નામ. ઝુંઝો હતું. ઝુઝો ખોટનો હોવાથી તેના માવતરે મોંએ ચડાવેલ હતો તેથી તેનામાં અકલ થોડી હતી. એ જોઇ ગાંગો સદા દીલગીર રહેતો હતો, કેમકે તેનું સજન પોતાના જેવું નાત જાતમાં પડે તેમ નહોતું. તેમ પોતાની મોટી મીલકત સાચવવાની શકિત નહોતી તેથી ગાંગો હમેશાં ખેદમાં રહેતો હતો. કેમકે કહ્યું છે કે.

वरंगर्भस्रावो वरमपिचनैवाभिगमनं,

वरंजातःप्रेतो वरमपिचकन्याचजनिता;

वरंवंध्याभार्या वरमपिचगर्भेषुवसति,

नचाविद्वानरूप द्रविणगणयुक्तोपितनय. १

સ્ત્રીનો સમાગમ ન થાય તે સારૂં, અથવા ગર્ભ રહ્યો હોયતો પડી જાય તે સારૂ, અથવા ગર્ભ મરેલોજ જન્મે તે સારૂં, અથવા કન્યાનો જન્મ થાય તે સારૂ, સ્ત્રી વાંઝણી રહે તે સારૂં, અથવા ગર્ભ સદા ગર્ભમાંજ રહે (ચોડ પઇ જાય) તે સારૂ પણ રૂપ, ગુણ તથા પૈસા મળ્યા છતાં—મૂર્ખ પૂત્ર થાય—તે સારોજ નહીં.

ઝુંઝો જ્યારે પંદર વર્ષનો થયો ત્યારે ગાંગાએ તેને ગામમાં ને ગામમાં પરણાવ્યો. તેની સ્ત્રીનું નામ જવલ હતું. પરણી ઘેર આવ્યા બાદ ઝુંઝામાંતો અકલ થોડી હતી પણ તેને કોઇ વહુ સારી મળતો આપણી લાજ રહે એમ જાણી ગાંગે વિચાર કરી કહ્યું, ભાઇ ઝુંઝા, રાત્રીએ સુવા જા ત્યારે મધરાતે ખોટે ખોટા ભૂખ લા-

ગવાનો ઢોંગ કરજે ને જોજે જોઇએ તારી વહુ શું કરે છે, પછી સવારે મને બનેલી વાત કહેજે એમ સમજાવી મૂકયો.

હવે ઉપર જ્યાં ઝુંઝાને સૂવા બેસવાનું હતું ત્યાં મેડી ઉપર સાકર, ખાંડ, ગોળ, ઘી, તેલ, લોટ, શાક વગેરે બલતણ સિવાયની સર્વે જણસો પોતાની સ્ત્રી કેશરને કહી રખાવી મૂકેલ હતાં. પાણીનું માટલું તો અગાશીમાં પીવાને માટે રાખેલ હતુંજ. તે સિવાય ગૃહસ્થ હોવાથી સર્વ વાસણો પણ હતા. માટે તેની ગોઠવણ કરવા જરૂર નહોતી. પછી રાત્રી થઇ જગી સૌ સૂતા ને ઝુંઝાને મેડીએ સૂવા મોકલ્યો. ત્યાં તેણે જઇ પ્રથમ સ્ત્રીની અદબ છોડાવી. કેમકે નવી તેજ દીવસની મુલાકાત હતી. આમ તેમ વાતો કરી ઇશક માણી ફરી વાતો ચલાવી વાતો કરતાં કરતાં મધરાત થઇ ત્યારે પોતાના બાપે કહેલ વાત યાદ આવવાથી કહ્યું જે હે સ્ત્રી, હવે તો મને ભૂખ લાગી છે.

જવલ–અત્યારે મધરાતે અહીં ત્રીજી ભોંયે જમવાનું શું હોય. સવારે વહેલી ઊઠી રસોઇ કરીશ જેથી સાત વાગતામાંજ જમવાનું થઇ જશે. નીચે કાંઇ જમવાનું હમણાજ વરો ગયો છે તો લાડવા, ગાંઠીઆ, પકવાન વગેરે હશે પણ બીજી ભોંયે તમારા માબાપ સૂતા છે તો કેમ ઉતરી જવાય. માટે સવારે વેળાસર કરી દઇશ પછી આડી અવળી વાતો કરી બંને સૂઇ ગયા. સવારે એકાંતે તેડી તેના બાપ માંગે ઝુંઝાને પૂછ્યું. દીકરા, કેમ મેં કહ્યું હતું તે કહ્યું હતુંકે નહીં, ને પછી તારી સ્ત્રીએ શું જવાબ દીધો? ઝુંઝો અકલનો તો દુશ્મન ને શરમ વિનાનો હતો. તેથી બાપની પણ શરમ ન રાખતાં કહ્યું જે મેં તો કહ્યું હતું પણ તેણે કહ્યું કે અહીં તો કાંઇ ખાવાનું નથી છેક નીચે હશે ત્યાં કેમ જવાય. નીચે તમારાં માબાપ સૂતાં

છે વગેરે કહ્યું. ને સવારે વહેલી રસોઇ કરી આપીશ એમ કહ્યું હ-તું. ગાંગો કહે બસ થયું.

પછી પાંચ પંદર દીવસ જવા દઇ ગાંગે ઝુંઝાને કહ્યું. આપણે અહીં બેચાર મહિનાથી બેઠા છીએ રોજી ચાલતી નથી અને કહેવત છે કે બેઠા બેઠા રાજાના ભંડાર પણ ખૂટી જાય. માટે બીજા કોઇ મોટા શહેરમાં જઇ રોજી કરીઆવીએ. ઝુંઝો કહે તમારી મરજી. બીજે દીવસે તૈયાર થઇ જમી લઇ ભાતુંપોતું ને ઘડવાના ઓજાર લઇ બાપ દીકરો ગામ જવા ચાલી નીકળ્યા. ગાઉએક ગયા ત્યારે ગાંગે કહ્યું દી-કરા વાટ વાઢ કહેતાં ઝુંઝો પોતા પાસેનો પથરા ઘડવાનો કૂવાડો લ-ઇ રસ્તામાં ખોદવા મંડયો.પછી તુરત ગાંગે કહ્યું, ઝુંઝા રાખ. આ-પણે આજ જઇએ છીએ પણ સુકન સારા થતાં નથી માટે કાલે વાત. એમ કહી પાછા ઘેર આવ્યા. પછી ગાંગે પાંચ પંદર દીવસે બીજી કન્યા ગોતી પાસેના ગામમાં ફરીથી ઝુંઝાને બીજીવાર પર-ણાવ્યો તે ઝુંઝાની સ્ત્રીનું નામ પૂરી હતું. રાત્રીએ જમ્યા બાદ ઉપર સૂવા મોકલ્યો, ત્યારે પ્રથમ પ્રમાણેજ ગોઠવણ કરી રખાવી ઝુંઝાને કહ્યું આજે પણ તે દીવસની પેઠે ભૂખ્યા થવાનું આ તારી નવી-વહુને કહેજે. ઠીક કહી ઉપર ગયો પછી તે દીવસે પણ તેમ કર્યું. તો જવાબ પણ પૂરી તરફથી જવલ જેવોજ મળયો. સવારે બાપે પૂછયું તો ઉપર પ્રમાણેનોજ જવાબ અત્યારે કેમ થાય વગેરે મ-ળ્યો. વળી માસ પંદર દીવસ જવાદઇ દીકરાને કહી તૈયાર થઈ કમાવા ગામ જવા નીકળ્યા. ગાઉ બેકને આશરે ગયા ત્યારે ગાંગે કહ્યું, દીકરા, વાટ વાઢ કહેતાંજ ઝુંઝો કૂવાડો લઇ પ્રથમની પેઠેજ ર-સ્તો ખોદવા મંડયો. પછી ગાઉ અધગાઉ ચાલી ગાંગે ઝુંઝાને સગ-

જાણ્યો જે આજ પણ સુકન સારા થતાં નથી માટે કાલ વાત એ-
મ કહી પાછા બંને ઘેર આવ્યા. માસ બે માસે કન્યા ગોતી ત્રીજી
રાજુ, ચોથી રામબાઇ, પાંચમી પાનબાઇ, છઠ્ઠી જસુબાઇ અને સા-
તમી રળીઆત. એવીજ રીતે કહેતો ગયો ને પરણાવતો ગયો. છેવટ
સાતમી રળીઆતે રાતે ઝુંઝે ભૂખ લાગવાનુ કહેતાં આસપાસ મેડીપર
તપાસ કર્યો તો સીધું સામાન પાણી વાસણ વગેરે સર્વ હતું પણ
એક બળતણ નહોતું તોપણ પોતાનુ નવું ઓઢણું જેના કે પં-
દર વીશ રૂપીઆ બેઠેલ તેના ચીરા કરી કાકડા વણ્યા તે તેલમાં
બોળી દીવે સળગાવી સગડીમાં અગાશીમાં જઇ મૂકયા પછી ચા-
લતી રસોઇ શીરો પૂરી ને શાક કરી સારી રીતે બંને જણાં
ભેળાં બેસી જમ્યા. પછી સૂતાં. સવારે ગાંગે પ્રથમની પેઠેજ ઝુંઝાને
પૂછયું તો ઝુઝે ઉપર પ્રમાણે જમ્યાની વાત કહી ત્યારે ગાંગો મન-
માં ખુશ થઇ ગયો. ને જાણ્યું જે આ માણસ ઠાવકું મળ્યું તો
હવે તે કાંઇક ઝુંઝાને સમજાવી સારો કરશે. બીજે દીવસે ઝુંઝો
મેડીએ ગયો. બે ઘડી ગમત કરી છેવટ રળીઆત બોલી, સ્વામી
નાથ આ સાત સાત સ્ત્રી રાજદરબાર શોભે ને આપને આમ ક-
રવાનું કારણ શું ? કદાચ છોરૂંની ખોટે બીજી કરવી પડે પણ હજી
તમારી ઉમર પૂરા વીશ વર્ષની થઇ નથી. ઝુંઝો કહે એની મને
ખબર નથી મનેતો મારો બાપ પરણાવે છે. વળી અમે બાપ દી-
કરો ગામ જઇશું ત્યારે રસ્તે બે પાંચ ગાઉ ચાલ્યા પછી મારો બા-
પ વાટ વાઢવાનુ કહેશે કે હું કૂવાડો લઇ રસ્તો ખોદવા માંડીશ એ-
ટલે પછી થોડું ઘણું ચાલી આજતો સુકન સારાં નથી એમ કહી
પાછા ઘેર આવી મારો બાપ કન્યા ગોતવા જશે ને મહીને બે મ-

હીને ફરી પરણાવશે. એમ સાતતો થઇ. હવે કેટલી પરણાવશે તે મને ખબર નથી. રળીઆત આ વાત સાંભળી પોતાના સ્વામીની બુદ્ધિપર હસવા લાગી કેમકે પંડે ભણેલ ગણેલ હુશિયાર હતી તેથી તેણે જાણ્યું કે મારા સ્વામીમાં બુદ્ધિ થોડી છે. પણ જે થયું તે ખરૂં. મારો તે તો સ્વામી માટે પરમેશ્વર બરાબર છે એમ વિચારી કહ્યું. સ્વામીનાથ—હવે જ્યારે ગામ જાઓ ત્યારે તમે ફુવાડે રસ્તો ન કાપતાં કોઇપણ વારતા આપને આવડતી હોય તે કહેવી જેથી વાતો કરતા ચાલતાં રસ્તાનો થાક જણાતો નથી ને રસ્તો પણ ઝટ ખુટી જાય છે. ઠીક બહુ સારૂ હવે એમ કરીશ. એમ કહી બંને સુતાં. બે પાંચ દીવસ પછી ગાંગો ઝુંઝાને લઇ ગામ ચાલ્યો. બે ગાઉ ચાલ્યા પછી પ્રથમનીજ પેઠેજ ગાંગે કહ્યું દીકરા બાટ વાઢ. એમ કહેતાંજ ઝુંઝે નવી સાતમી સ્ત્રી રળીઆતે કહ્યા મુજબ એક વારતા કહેવા માંડીને કહ્યું બાપા સાંભળો.

પ્રતાપગઢ કરીને એક શહેર હતું તેનો રાજા વિજયસિંહ નામે હતો. તેના તાબામાં ચાલીશ ગામ હતા ને તે ચીતોડનો ખંડીઓ રાજા ગણાતો હતો તે વિજયસીંહ ડુંગરપુરના જેતસીંહ પરમારની કુંવરી ગુણસુંદરી સાથે પરણેલ હતો. રાજા ભણેલ ગણેલ હુશીઆર હતો. પણ કામી વિશેશ હોવાથી ઘણો વખત દરબારમાં જનાનખાનામાંજ પડયો રહેતો હતો. તેને પ્રથમ માનસીંહ અને બે વરસને છેટે બીજો અભેસિંહ એમ બે કુંવર હતા તે કુંવરને પણ વિજયસિંહજીએ સારો વિદ્યાભ્યાસ કરાવ્યો હતો. જ્યારે કુંવર મોટો માનસીંહ બાર ને અભેસીંહ દશ વર્ષનો થયો ત્યારે એક દીવસે રાજા વિંજયસીંહ કચેરીમાં ગયા છે ને ઘેર રાણી ગુણસુંદરી

તથા તેની દાસી સોનબાઇ બેઠાં છે તેવામાં તે બંગલાની ભીંતમાં એક ચકલી વીઆએલી હતી તેને બે બચ્યાં હતાં. તેમાં બહાર ચણ લેવા જતાં કોઇ પાપીએ તે ચકલીપર પાણાનો ઘા કરતાં તે ઘા, તે ચકલીની આયુશ થોડી તેથી ઉડવા ગઇ ત્યાં વાગી જવાથી મરી ગઇ, બે ચાર દીવસ તો એકલે ચકલે બચ્ચાંને ચણ દીધી. પછી એક બીજી ચકલી સાથે તેને મેળાપ થયો તે તેના જેવી એકલ હતી તેથી જોડું થયું. બંને માળે આવ્યા તો બે બચ્ચાં દીઠાં.

ચકલી બોલી—એ બચ્યાંને નાંખી દેતો હા, નહીં તો ના, ચકલો કહે હવે તે મોટા થયાં છે. ને પાંચ સાત દીવસમાં ઊડી જતાં રહેશે. માટે શા માટે તેમ કરવું ચકલીએ હઠ કરી પણ ચકલાનો ઇશ્વર પ્રેરીત બચ્ચાંપર સ્નેહ હોવાથી તેમ કરવા હીંમત ચાલતી નથી. એમ કરતાં ૬ ના બપોરથી સાંઝ પડી પણ ચકલી એકટળી બે થઇ નહી, ત્યારે કહેવત છે કે—"કામ આંધળો છે તે સારૂં, નરસું, પુન્ય, પાપ, સગું સાગવું કંઇ ગણતો નથી" તેમ છેવટે ચકલે એક બચ્યું ચાંચે ચોભી માળામાંથી હેઠે પડતું મૂકયું કે તે તરફ રાણી ગુણસુંદરીની નજર પડી એટલામાં બીજું પણ તેવીજ રીતે પડયું. ગુણસુંદરીએ તુરત પાસે બેઠેલ દાસી સોનબાઇને કહ્યું. પેલો પલંગ ઉપર આપણો રેશમાં રૂમાલ છે તે લાવ. જો કે બચ્ચાંના છોવાળી જમીન હોવાથી પડતાંજ પ્રાણ ગયેલ હતાં તોપણ તેનાપર પેલો રૂમાલ રાણીએ દાસીએ લાવી આપતાં ઢાંકયો, અને તે રાત્રીએ કોઇપણ જગોએ પોતાના મહોલમાં દીવો ન કરવા દેતાં તે બચ્યાં પાસે ગુણસુંદરી બેઠી.

રાજા રાત્રે કચેરીમાંથી સાત વાગતે ઘેર આવ્યો તો મહોલમાં અં-

ધારૂ જોઇ ઘણોજ કોપાયમાન થઇ કહ્યું. કેમ હજી દીવાબત્તી થયેલ નથી. બહારના માણુસોએ કહ્યું સાહેબ અમને ખબર નથી અમને તો સોનબાઇએ નાપાડી જવાથી તેમ કરેલ છે. રાજા વિજાયસીંહજીએ સાદ કરતાંજ સોનબાઇ હાજર થઇ દીવો કર્યો. રાજાએ તેને દીવા ન કરવાનું કારણ પૂછ્યું ને રાણી ક્યાં છે કહ્યું. ત્યારે સોનબાઇએ જવાબ આપ્યો જે મહારાજા સાહેબ મારી બાઇના હુકમથી આજ દીવા અત્યાર સુધી કરેલ નહોતા ને કોણ જાણે શા કારણથી મારી બાઇ ઉપર મેડીએ નીચે ઉદાસ ચેહેરે બેઠાં છે. આ સાંભળી રાજા ઉપર ગયો ને સોનબાઇ પણ સાથે ગઇ. રાજાએ જઇ રાણીને પૂછ્યું કેમ આજ ઉદાશ જણાય છે? રાણી ગુણસુંદરીએ પ્રથમતો કંઇ જવાબ આપ્યો નહીં. ત્યારે ફરીથી રાજાએ પૂછ્યું કેમ બોલતી નથી? એટલે ગુણસુંદરી આંખમાં આંસુ લાવીને આપ પધારો અહીં હું આપને કાંઇ દેખાડું એ પ્રમાણે કહી રૂમાલ નીચેના મરી ગયેલ પેલાં ચકલાંના બે બચ્ચાં દેખાડયાં. રાજા તે જોઇ બોલ્યો આતો ચકલાંનાં બચ્ચાં મરી ગયેલ છે તેમાં આટલી બધી ઉદાશ શું? ત્યારે રાણી ગુણસુંદરીએ ચકલી ચકલાની તમામ વાત કહી ને કહ્યું જે ઈશ્વર એવું ન કરે પણ કદાચ મારૂં મૃત્યુ થયું હોય તો આપ બીજી સ્ત્રી પરણો ને મારા માનસીંહ અભેસીંહના આવાજ હાલ કરે એમાં કાંઇ નવાઇ નથી. રાજા કહે અરે ગાંડા શું કાઢે છે. કાલની કોને ખબર છે કે પેલું કોણ મરશે કે શું થશે. એમ કહી રાણીને ઘણું સમજાવ્યું, પણ રાણીના મનનું સમાધન થયું નહીં ત્યારે છેવટે રાજાએ કહ્યું કે લે હું તારૂં ભવિષ્ય થાય તો ફરીથી ન પરણું એવું વચન આપું છઉ. રાણીએ સાત પેઢીનો કોલ આપવા કહી લાંબો હાથ કર્યો એ-

ટલે રાજાએ કહ્યું લે આ સાત પેઢીનો કોલ એમ કહી રાણીના હાથમાં તાળી દીધી પછી રાજાને રાણી જઈ જમ્યા. અને વાત કરતાં વરસ દીવસ વહી ગયું. એટલામાં તો રાણી ગુણસુંદરીને મંદવાડ થયો ને ઘણા ઘણા ઓસડ વેસડ કર્યા પણ મંદવાડ ન મટતાં દીવસે દીવસે વધવા લાગ્યો અને છેવટે જીવવાની આશા પણ ન રહે એવો અસાધ્ય મંદવાડ થયો. રાજા પણ ઘણો ખેદાતૂર થયો પરંતુ જીવ જાય નહીં તેમ સુવાણ પણ થાય નહીં. અંતે રાણીએ રાજાને બોલાવી કહ્યું કે જો તમો મને પ્રથમ કહ્યા પ્રમાણે જળ મૂકી બીજી સ્ત્રી ન પરણવાનું વચન આપો તો મારો જીવ સુખે જાય. રાજાએ પ્રેમના આવેશમાં ગળગળા થઇને તેમ કર્યું. એટલે રાણીએ સ્વર્ગ વાસ કર્યો.ને રાજાએ યથોચિત તેનું ઉત્તર કાર્ય કરાવ્યું.

હવે રાજા વિજયસીંહ જે દીવસના આઠે પહોર જનાનખાનાગાંજ રહેતો તે રાણી વિના સૂનું લાગવાથી દીવસના ચારે પહોર કચેરીમાં રહેવા લાગ્યો. જેથી કારભારીઓ વગેરે સૌને રૂસવતાદી પેદાશ મટી અને રાજનું અંધેર જઇ કાંઇક અજવાળામાં આવવા લાગ્યું. દીવસે દીવસે પોલ ઉઘાડી થવા માંડી ને રાજાએ પણ જ્યાં જ્યાં જે ખામી ને અંધેર જણાતું ગયું ત્યાં તે ગટાડવા ચાંપતા ઉપાય લેવા માંડયા જેથી સર્વ કારભારી મંડળ ગભરાવા લાગ્યું. જેથી વિચારવા લાગ્યા જે કોઇ પણ ઉપાયે રાજા પરણે તો સારૂં. તે માટે દીવાને રાજા વિજયસીંહજીને ઘણી ઘણી સમજૂત દીધી પણ ન સમજતાં પોતાની કરેલી પ્રતિજ્ઞા કહી સંભળાવી. તે વાત સાંભળી દીવાનના તો હાજાંજ ગગડી ગયાં. તો પણ લાગ જોતો રહ્યો તેવામાં છ માસ થયા ત્યાં રમણપૂ

રના રાજા જુવાનસીંહ તરફથી નાળીએર આવ્યું. એ વાતની રાજા વિજયસિંહજી જે કે સળેખમ થવાથી મહેલમાં આજારી થઇ રહ્યા હતા તેને ખબર ન પડવા દેતાં દીવાન, વજીર વગેરે સર્વેએ મળી નાળીએર બદલ્યું એટલે વેશવાળનું કબુલ રાખ્યું. ને સાકર પણ વહેંચી. પણ આ વાતની જ્યારે રાજાને ખબર પડી ત્યારે ઘણોજ નારાજ થઇ ગયો. અને આખું રાજમંડળ તે કામમાં સામેલ જણાવાથી ઘટીત કરતાં ઘણોજ ફીતૂર ઊઠશે એમ જણાવાથી તથા થૂકયું ગળાય નહીં, હવે કરવું શું જે વાત થઇ નથી તે ન થવા માટે જે જે ઉપાયો લઇએ તે તો ઠીક, પણ જ્યારે તે વાત બનીજ ચૂકી ત્યારે કેમ કરવું એમ રાજાનું મન ચકડોળે ચડયું. વિચારવા લાગ્યોજે જો તે વાતની ના કબુલીયત કરીએ તો દેશ પરદેશ લાજ જાય, કેમકે વેશવાલ કરેલ બીજે દેવાય તેથી તો મરવુંજ સારૂં. કન્યા માટે તો ઘણા રાજ પાઇમાલ થઇ ગયાં છે તો કન્યા તો હવે નજ જવા દેવી. પણ અહીં બીજી મેર પોતે સગુણા ગુણસુંદરીને આપેલ વચન જાય તે પણ મહા ખેદદાયક વાત હતી. કેમકે હાથીના દંતૂશળ ને મોટાના વચન નીકળે નહીં ને નીકળ્યા પછી અંદર પેસેજ નહીં. એવી રીતે રાજા તો ચિત્તભ્રમ જેવો થઇ ગયો એકે ઉપાય સૂઝ્યો નહીં. અંતે બીજા ભાયાતો, સગા સબંધી ને લાગતા વળગતા સર્વના કહ્યાથી નવું કરેલ સગપણ કબુલ રાખ્યું. ને જ્યારે શીઆળો આવ્યો ત્યારે ભારે ધામધૂમથી વીવાહ કર્યા. તે નવી રાણીનું નામ લાલબા હતું. તે લાલબા તેના નામ પ્રમાણે લાલબાજ હતી કેમકે સ્વરૂપમાં મહા સ્વરૂપવંતી પણ સ્વભાવમાં અગ્નીને લોહ સરખી તેજ ને કઠોર હતી.

વિજયસીંહજીને કહેવત છે કે "ઠામ ત્યાં ઠીંકરીને ઠીંકરી ત્યાં ઠામ" પ્રમાણે ગુણસુંદરી જેવા સારા ગુણની સ્ત્રી ગળેલ તેવાજ માઠા ગુણની આ સ્ત્રી મળી. પછી રાજા હો યા રાંક હો પણ એક માણસ ગયું ને તે સારૂં હોય તેવું બીજું મળવું દુર્લભ છે. હવે થોડીં મુદતમાં લાલબાએ મોહપાસથી રાજાને પોતાને આધીન કરી લીધો જેથી જે રાજા દીવસના ચારે પહોર કચેરીમાં રહેતો તેના હવે ગાસ પંદર દીવસે દરશન થવા પણ દુર્લભ થઇ પડયા. ને લાલબાએ તેને મુંડાના માંકડાની પેઠે જેમ નચાવે તેમ નાચે તેવો ખરો આધીન કરી લીધો. લાલબા ખરા બપોરને રાત્રી કહેવરાવે તો તેમ કહેવાને પણ આનાકાની કરે તેમ નહોતો. અહો જુઓ કામની બડાઇ કેવી છે ? જે કામને આધીન થઇ શંકર જેવાની સમાધી છૂટી ગઇ, જે કામને આધીન થઇ બ્રહ્મા જેવા ભુલી પોતાનીજ પૂત્રી પછવાડે દોડયા, ને જે કામને આધીન થઇ ભગવાન વિશ્નુનું મન અને અનન્ય ભક્ત એવા નારદજી પણ ગૃહસ્થાશ્રમ માગી વાનર રૂપ થયા. એવા મહાત્માઓ પણ કામાધીન થઇ ગયા તો રાજા વિજયસીંહ તેને વશ થાય તે કાંઇ નવાઇ જેવું નથી. આ-જ પણ મોટા મોટામાં પૂજાતા અને પ્રખ્યાતીને પામેલા પણ સ્ત્રીના આગળ ટકાના તેરમાં ખપનારાની સંખ્યા આ ભૂગંડળમાં જોશો તો થોડી નથી.

એક દીવસે રાજા વિજયસીંહ અને રાણી લાલબા ગોખમાં બેઠા છે, બપોરનો વખત છે તેવામાં પચાશેક ઘોડેસ્વાર ઘણા વેગ-થી ઘોડા દોડાવતા શહેરમાં આવતા દૂરથી ભળાયા. તે જોઇ રાજાને રાણીએ પૂછયું કે આ કોણ હશે. રાજા કહે કેમ ખબર પડે તે

ઘણે દૂર છે. એમ કરતાં તેઓ શહેરમાં દાખલ થઇ ગોખ નીચે બજારમાં આવ્યા. ત્યારે રાજાએ કહ્યું આ તો આપણા કુંવર માનસીંહ ને અભેસીંહ છે. ને રૂપલો શીકારી સાથે છે તો જણાય છે કે તેઓ જંગલમાં શીકાર કરવા ગયા હશે તો શીકાર કરી પાછા ઘેર આવેલ છે. રાણીને આ વચનો વજ્ર જેવાં લાગ્યાં કેમકે સોકના છોકરાં કોઇકજ સગુણા સ્ત્રીને વહાલાં હોય છે. વળી રાજા વિજયસીંહે બંને કુંવરની બહાદુરી તથા બળને ચાલાકીના વખાણ કરવા માંડયા તેમ તેમ રાણી લાલબાને દાઝયા ઉપર ડામની પેઠે કારીઆ થવા લાગ્યા. રાજા બોલી રહ્યા બાદ લાલબા બોલી—મારા કુંવરને તો ગાદી નજ મળે કે !

રાજા—આપણી રજપૂત ગરાશીઆની રીત પ્રમાણે ફટાયાને બે ત્રણ ગામ ને બાકી તો ટીલાત એટલે સર્વથી મોટા કુંવરને રાજ ગાદી મળે.

રાણી—એ તો ઠીક નહીં જો આપની પછી મારો દીકરો ગાદીએ ન બેસે તો મારે આપને સ્ત્રીહત્યા દેવી કારણકે એ મેંથી જોવાય નહીં એ જીવ્યા કરતાં તો મરવું સારૂં. રાજાએ ઘણી સમજાવી પણ સમજે નહીં. કહ્યું છે કે.—

આથ અનાથ ન જાનહી, ચડે જણા હઠ ચાર;
બાળક મંગળ, રાજવી, લાડ ઘેલડી નાર. ૧

બાળહઠ, યોગીહઠ, રાજહઠ અને સ્ત્રી હઠ એ ચારે જીવ ગયે પણ મૂકે નહી. તેમ છેવટ રાણીએ ધીમે ધીમે આડું અવળું સમજાવી રાજા વિજયસિંહજી પાસે બેઉ કુંવરને કાંધ મારવાનુ નક્કી કરાવ્યું. કેમકે કહ્યું છે કે આ સંસારમા માણસોને ઘણી તરેહના

બંધનો છે, તેમાં પ્રેમ રૂપ દોરડી વડે જે બાંધેલું તેજ ઘણુ દ્રઢ બંધન છે, તે બંધનને તોડવાને માણસ કોઈ દહાડો સમર્થ થતો નથી. જેમકે ભમરો લાકડાને પણ કોતરી તેનો ભેદ કરી બહાર નીકળી જાય છે પણ પ્રેમથી કુમળા કમળના અંતર્ભાગને વિશે નિશ્ચીય થાય છે ને તેનો ભેદ કરવાને સમર્થ થતો નથી તેજ રીતે રાજા વિજયસીંહજી પણ લાલબાના પ્રેમ પાસલામાં બંધાઇ જઈ થતા મોટા દુસકૃતને પણ અટકાવવા સમર્થ થયો નહી. આ વાત કરણો પકરણી ગામમાં પણ ચાલી રહી. તેવામાં હાદો કરી તેનો દસોંદી ભાટ આવેલ તેના જાણવામાં એ વાત આવતાં ઘણોજ ખેદાતૂર થઇ રાજાને એકાંતે મળવા કહેવરાવ્યું. હાદાની ઇજત રાજસ્થાનોમાં ઘણીજ હતી તેથી રાણીની મરજી નહીં છતાં પણ એકાંત થવા દેવા જરૂર પડી. એકાંત થતાં રાજાને હાદે ઠપકો દીધો જે સાહેબ, દેવને પણ દુર્લભ એવા કુંવરોનો વધ કરાવી શુ ફળ કાઢશો ? રાજા કામાંધને મોહથી લુબ્ધ થઇ ગયો હતો તેથી હાદાનું કહ્યું માન્યું નહીં ત્યારે વળી હાદે કહ્યું. હે રાજા વિચાર, હજી તો નવીનો છોકરો મૂતરમાં પડેલ છે એટલે ધાવણો છે, કોને ખબર છે કે તે મોટો થશે; કેમકે માણસો પૈકી ઘણાના મૃત્યુ તો પાંચ વરસની અંદરમાંજ થાય છે અને આ તો બંને જુવાન થઇ ગયા છે. વળી બળ બહાદુરીમાં જાતું રાજ રાખે તેવા થયા છે તો છતે દીકરે શામાટે વાંઝીઓ થવા ઇચ્છે છે—જો રાણીના મોહપાસમાં બંધાઇ ગયો હો ને છુટી શકતો ન હો તો છેવટ તે બંને કુંવરોને તારા દેશ પાર કર પણ નાહક ઘાત કરીશ નહીં. રાજાને તે વાત ગમી પણ તેને રાણી કબુલ રાખશે કે નહીં તેનો શક હતો તેથી ગભરાયો. ઉપર કહ્યા પ્ર-

ગાણે દસોંદી હાદો વજનદાર હતો અને તે તમામ રજવાડામાં પ્ર-રતો હતો તેથી તેની વાત ન મનાય તો બધા રજવાડામાં પોતાની આબ વગોવાશે એવા ડરથી તેની વાત વિજયસીંહે કબુલ કરી. પછી રાજાએ રાણી પાસે જઇ હાદા સાથે થઇ ગયેલી વાત કહી એટલે રાણી નારાજ થઇ પણ છેવટે તેમ થાય તોપણ ઠીક. એમ કહેવાથી સવારમાંજ દેશવટો દેવો ઠર્યો. સવાર થ-તાં રાજાએ બે સરખાજ રંગના એટલે કાળા મજબુત ને કદાવર સંધીઆ ઘોડા મગાવી તે પર સામાન નંખાવી દરેક પર અકેક સોના મહોરનો ખડીઓ ભરી નંખાવી બે પોશાકમાં સર્વ કાળા રં-ગના પાઘ, સુરવાળ, ને ડગલીઓ મગાવી ચાકરોને હવાલે કર્યા ને માનસિંહ તથા અભેસિંહ રહેતા હતા તે મહેલના દરવાજા પાસે જઇ ઊભા રાખવા અને પૂછે ત્યારે બંને ભાઇઓને દેશવટો વગેરે કહેવાનો હુકમ આપી મોકલ્યા ને રાજા વાત્સલ્ય પ્રેમે રોઇ પડયો ને કાંઇ વધારે બોલી શકયો નહી. સવારે ઉઠી બંને ભાઇ જ્યાં ડેલીએ જુએછે ત્યાં બે કાળા ઘોડા માણસો લઇ ઊભેલા શોકાતુર ચહેરે દીઠા. પૂછ-તાં દેશવટા વગેરેના ખબર સાંભળી ખેદાતુર થઈ બાપનો હુકમ મા-થા પર ચડાવી બંને ભાઇઓએ આણેલ કાળો પોશાક તુરત પહેરી રસ્તો લીધો. બંને ભાઇ ચાલ્યા જાયછે તેમાં માનસિંહે અભેસિંહને ધીરજ આપવા માટે કહ્યું કે ભાઇ, શાસ્ત્રમાં કહ્યું છે કે.

आयुः कर्मचावित्तंच विद्यानिधनमेवच

पंचैतानीच सृज्यंते गर्भस्थस्यैवदेहिनः १

જીવ માતાના ગર્ભમાં હોય છે ત્યારથીજ તેની આવરદા, તે

શા શા કામો કરશે તે, તેને કેટલો પૈસો મળશે ને કેટલી વિદ્યા આવડશે તે તથા તેનું મરણ—એ પાંચ વાના, બ્રહ્માએ નિર્માણ કરેલ હોય છે. માટે આપણે રાજકુમાર છતાં આપણા પ્રારબ્ધમાં આ-મ થવાનું હશેજ માટે થયું. એમાં કોઇને દોશ દેવા સરખું નથી. મેં સાંભળ્યું છે કે આ કર્તવ્ય નવી ઓરમાન માનું છે પણ તે મિથ્યા છે. કેમકે ભાવી હરઆને થાય છે તે એક નીમીત્ત માત્ર છે. બાકી આપણા પ્રારબ્ધજ એવાં છે એ નક્કી સમજવું. એ રીતે બંને ભાઇ વાતો કરતા આખો દીવસ વિના અનાજ પાણીએ ચા-લી પોતાના બાપના રાજના સીમાડા બહાર જઇ સાંજ થતાં એક નાનું ગામ ને તેને પાદર તળાવ આવતાં ત્યાંજ ઉતરી પડયા, ને ત્યાંજ રાત્રી રહેવા વિચાર ધારી ગામમાંથી ઘાસ આણી ઘોડાને નાંખ્યું. તેમજ બે ચાર રોજ ચાલે તેટલું ગામમાંથી જે મળ્યું તે ભાતું આણી તેમાંથી જે ભાવ્યું તે થોડું થોડું ખાધું ને પછી પા-ણી પીઇને તેજ તળાવની પાળ પાસે ઝાડ હતું ત્યાં ઘોડા બાંધી હોકો ભરી પીઇ વારા ફરતી બંને ભાઇ સૂતા. પણ ઘણો થાક લાગ્યા છતાં બરાબર ઊંઘ આવી નહીં. કયાંથી આવે. પલંગના પોઢનારને એકા-એક એમ ઊંઘ આવવી મૂશકેલજ છે. પછી સવારે વહેલા ઊઠી તૈયાર થઇ ઘોડાઓપર સામાન માંડી સ્વાર થઇ ચાલી નીકળ્યા—ચાલતાં ચાલતાં બપોર થયા ત્યારે એક મોટા જંગલમાં પડયા. બંને ભાઇ બહાદૂર હતા, કેમકે સીંહના બચ્ચાંને ભય હોયજ નહીં તેમ નિર્ભયપણે એવા ઘોર જંગલમાં પણ ચાલ્યા જાય છે. રસ્તો ન હોવાથી ધીમેધીમે ઝાડ, ડુંગર, ખાડા, ટેકરા વગેરે ફરતા ફરતા મધ્ય ઝાડીએ ગયા ત્યાંતો દીવસ પણ અસ્ત થયો. પડખે એક સુંન

દર પાણીથી ભરેલ નાનું સરોવર છે ને કાંઠા ઉપરજ મોટો વડલો છે તે જોઇ ત્યાંજ રાત રહેવાનો વિચાર રાખી તુરત બંને ભાઈ ઘોડેથી ઉતરી પડયા ને ત્યાંજ રાતના ચાર પહોર કાઢવા ઠરાવ કર્યો. પછી અભેસિંહે જંગલમાંથી સારૂં ઘાસ વાઢી લાવી ઘોડાને નાંખ્યું એટલામાં માનસીંહ બંનેં ઘોડા ઉપરનો સામાન ઉતારી ધારીઆનાંખી બેસવા સુવા સરખી જગો કરી પાસેના સરોવરમાંથી શીરોઇમાં પાંણી આણ્યું પછી ખડીઆમાંથી ભાતું કાઢી બંને ભાઇ જમ્યા. ત્યાર બાદ પાસેથી લાકડા વીણી લાવી હોકો ખંખાળી ભરી માનસીંહ પીએ છે અને અભેસીંહ સામો બેઠો છે તેથી માનસીંહે કહ્યું ભાઇ, તું સુઇજા મને અત્યારમાં ઊંઘ નહીં આવે વળી જંગલ હોવાથી સાવજ, દીપડા વગેરે જાનવરની બીક માટે વારા ફરતી જાગવાનો ઠરાવ કર્યો. એટલે અભેસીંહ નજીકમાં તપાસ કરી લાકડાના બે ત્રણ મોટા બોભા (ભારે કડકા) લાવી સળગાવી અભેસીંહ તો સૂતો. મધરાત થઇને ચંદ્રમાનું જરા જરા અજવાળુ દેખાવા લાગ્યુ ત્યારે માનસીંહે અભેસીંહને જગાડયોને પોતે સૂતો. અભેસીંહે ફરીથી હુકકો ભર્યો ને હજી એક ઘુટ લેછે ત્યાં વડલા ઉપરથી એક કાગડી કાં, કાં, બોલી, તેવીજ પાસેના તળાવમાંથી ડેડકી ડ્રાં, ડ્રાં, બોલીને કાગડી ને કહ્યું, અલી, અત્યારે મધ્ય રાત્રે કેમ બોલે છે, અત્યારે તમારે પંખીને બોલવું ઘટે નહીં. ત્યારે કાગડી બોલી રાંડ ડેડકી તું કયારની ડ્રાં ડ્રાં કરે છે પણ અહીં કોઇ કાળામાથાનું માનવી નથી. જો હોયને તને મારી નાંખેતો તેં ગળી રાખેલ મણીથી જડીત્ર નવલખો હાર લઇલે.

એવા કઠોર વચનો સાંભળી ડેડકી બોલી—રાંડ માનવી હોય

તો મને શાવસ્તે ગારે તનેજ મારે નહીં કે તારા લોહીનો ચાંડલો કરે તો શહેર કનંકાવટીનું રાજ ગળે ? એ બંનેની વાત અભેસીંહે સાંભળી. કેમકે તે બત્રીશ લક્ષણો હોવાથી પંખી અને બીજા જનાવરની બોલી પણ સમજતો હતો. તેથી આ વાત સાંભળી તુરત હોકો કોરે મૂકી હાથમાં બંદૂક લઇ કાગડી જે કે ચંદ્રના અજવાળાથી તથા બોલતી વખત ધ્યાન આપવાથી વડલા ઉપર બેઠેલી જણાતી હતી, તો પણ એક મોટી ગોળી કદાચ ખાલી જાય એમ જાણી ઘણા મગીયા (નાની નાની ગોળીઓ) બંદૂકમાં ભરી તે પર તાકી ભડાકો કરતાંજ નીચે પડી. કેમકે તે નિશાન પાડવામાં એકકો હતો ગાંખી વીંધવી હોય તોપણ ભૂલે નહીં. વળી ઉપર પ્રમાણેની બંદૂક ભરેલ, જેથી ચૂકવાપણું હતું નહીં. બંદુકના અવાજથી માનસીંહ જાગી ઊઠયો ને પૂછયુ તો અભેસીંહે કહ્યું મેં તો નિશાન પાડયું. માફ કરજો આપની ઉંઘમાં ખલેલ પહોંચાડી. એમ કહી માફ માગી એટલે વળી માનસીંહ સુઇ ગયો, જ્યારે માનસીંહ ફરીને ભર નિદ્રામાં થયો ત્યારે અભેસીંહે ઉભા થઇ તીરકામઠું હાથમાં લઇ પેલા સરોવરપર જઇ દેડકીને ગોતીને એકજ બાણે વીંધી મણી જડીત્ર હાર લઇ પાછો ઊતારે આવ્યો ને હારને વડલાની ડાળે ટીંગાડયો. પછી પેલી પડેલી કાગડી ઉપાડી પોતાના બેસવાના ઘોડાપરના પાથરેલ ઘાસીઆ ઉપર આવી બેસી વિચારવા લાગ્યો જે હું તીલક કરૂં કે મારા ભાઇ માનસીંહને તીલક કરૂં. ઘણો ઘણો વિચાર કરી છેવટ મોટા ભાઇનેજ શોભે. તેને રાજ મળશે તો તે મનેજ મળવ્યા બરોબર છે કેમકે તે નાનપણથીજ મારી તમામ રીતની મરજી સાચવે છે. મોટો ભાઇ છતાં વખતે મેં તેમનુ કહ્યું નહીં કર્યું હોય પણ તેઓ તો મારો

એકે બોલ પાળ્યા વિના રહ્યા હોય તેમ બન્યુ નથી. માટે તેગનેજ તીલક કરવુંજ બહેતર છે એમ વિચારી કાગડાના લોહીનો માનસીંહના કપાળે હળવેથી તે જાગી ન જાય તેમ ચાંદલો કર્યો ને પછી પેલી કાગડી દૂર ફેંકી દઇ હોકો લઇ પીવા બેઠો. એમ કરતાં સવાર થઇ ત્યારે ઘોડે સામાન નાંખી ઘોડેસ્વાર થઇ બંને ભાઇ ચાલી નીકળ્યા. જંગલ બહાર નીકળ્યા ત્યાં પહોર દીવસ ચડી ગયો ને ચાલ્યા જાય છે એટલામાં તો અભેસીંહને પેલો ભૂલી ગયેલ મણીનો હાર યાદ આવ્યો ત્યારે માનસીંહને કહ્યું ભાઇ હું આપણે ઉતર્યા હતા ત્યાં હાર ભૂલી ગયો છું તે લઇ આવું. માનસીંહે કહ્યું એબલ આ બે ખડીઆ સોનામહોરથી ભરેલ છે તે તારાજ છે માટે બીજો હાર કરાવી લેશું. પણ અભેસીંહે માન્યુ નહીં ત્યારે માનસીંહે કહ્યું કયે ઠેકાણે છે તે કહે એટલે તું બે ઘડી અહીંજ ખોટી થા. ત્યાં હું દોડતો લઇ આવું. અભેસીંહે કહ્યું આપ જાઓ ને કદાચ હાથ ન આવે તો ફોકટ ફેરો થાય માટે આપ ધીમે ધીમે અહીંથી ચાલી આગળ કોઇ નજીક પાણીની જગો ને છાંયો હોય ત્યાં બે ઘડી ઊતરી વિસામો ખાઓ ત્યાં હું લઇ આવુંછું. થવું મિથ્યા થનાર નથી. તેથી માનસીંહે કહ્યું ઠીક તારી મરજી. એમ કહી તે આગળ ચાલ્યો ને અભેસીંહે પાછા વળી જંગલનો રસ્તો લીધો.

માનસીંહ આગળ એકાદ ગાઊ ગયો ત્યાં કનંકાવટી નગર નજરે પડયું તેથી તેણે વિચાર્યુ કે અહીં અંતરીઆળ ખોટી થવા કરતાં ગામ નજીક જઇ વાડી કે નદી હશે ત્યાં જઇ ઉતરીશ. એમ વિચારી આગળ ચાલી શહેરને પાદર આવ્યો. આવીને જુએ છે તો ગામને પાદર રોણ મચી રહયું છે ને મારો મારો એવી બૂમ થઇ રહી છે. માનસીંહે

જઇને જોયું તો એક મોટો સૂઅર ગામમાં આવી ઘણા માણસોને ઘાયલ કરી બહાર નીકળેલ છે. કોઇ તેની પાસે જઇ શકતું નથી. દૂરથી બંદુક વગેરેના ઘા કરે છે, સૂઅર સામીદોટ દે છે એટલે બંગાણ પડે છે ને વળી કેટલાકને ભાગતા ભાગતા ઘાયલ કરે છે: એમ મામલો મચી રહ્યો છે. ગામનો રાજા અજેપાળ વૃદ્ધ હતો તેને પેટ દીકરો કે દીકરી કાંઇ ફરજંદ નહોતું. તેમ નજીકનું વારસ પણ કોઇ હતુ નહીં ફક્ત ત્રણ ચાર પેઢીએ ભાયાત હતા, તેથી રાજાએ અસલની વહેમની રીત પ્રમાણે વિચાર્યું જે ગામમાં સૂઅર આવે તો રાજાને માથે ભાર એ પ્રમાણે ઠીક ગણાતું નહીં માટે તેવૃદ્ધ રાજા અજેપાળે ઢંઢેરા પીટાવ્યો હતો કે જે સૂઅરને મારે તેને અરધુ રાજપાટ આપી છેવટ ગાદીનો વારસ બનાવવો. તેથી ઘણા શૂરવીરો મરણીઆ થયા હતા પણ સૂઅર ઘાગાં આવતો નહોતો. તે જોઇ માનસીંહે કહ્યું છે કે,

સિંહ ન જોવે ચંદબળ, નવ જોવે ધનરોધ;
એકલડો સહસા ભલો, જ્યાં સહસા ત્યાં સીધ.

તેજ પ્રમાણે કોઇની પણ સહાય કે મદદ ને ભાઇની પણ રાહ ન જોતાં તે સૂઅરને મારવામાં ભાગ લીધો. પોતાનો ઘોડો ઘણો કસેલ હતો તેથી પ્રથમ સૂઅરની પૂઠે પડી તેને કુંડાળે નાંખી બે ઘડી રમાડી ખૂબ થકવી એક ભાલાનડેજ તેને પાર કર્યો. સર્વે માણસો ભેળા થઇ ગયા ને માનસીંહની વાહવા અને બહાદૂરીના વખાણ કરવા લાગ્યા. તુરત માનસીંહજીને રાજા અજેપાળના હુકમ અનુસાર દીવાન હરજી ઘણો સત્કાર કરી માનસીંહજીને દરબાર ગઢમાં લઇ ગયો ને સરત મુજબ ગાદીએ બેસારવાની ક્રીયા કરી, નગારા થયાં,

સાકર વેહેંચાઇ ને ભારે ધામધુમ થઇ રહી. અજેપાળ પણ માનસીહજીનું રૂપને પરાક્રમ જોઇ ખુશ થઇ ગયો. અને પોતા પછી ગાદી માટેનો ફીકર હતી તે મટી જાણી ઘણોજ આનંદ થયો ને તે માટે ઇશ્વરનો મોટો આભાર માન્યો. ને પૂછતા માનસીંહ રજપૂત છે તથા મોટા રાજાઓના કુળમાંજ જન્મ્યો છે વગેરે હકીકત જાણી વૃદ્ધ રાજા અજેપાળના હર્ષનો પાર રહ્યોજ નહીં. એવીરીતે અહીં માનસીંહ તો કનંકાવટીમાં બડે જાઓ મહેરબાન થઇ રહ્યો. હવે આપણે અભેસીંહનું શું થયું તે તરફ જોઇએ.

અભેસીંહ જંગલમાં જઇ પેલા વડલેથી મણીનો હાર લઇ પાછો વળ્યોને ભૂખ તરસ તથા થાકથી છેક લોથ જેવો થઇ રહ્યો હતો, તેમાં વળી મોટા ભાઇ માનસીંહજીની શોધ કરતો આવે છે પણ પત્તો મળતો નથી તેમ તેમ વધારે વધારે ગભરાટમાં પડતો છેક કનકાવટીને પાદર આવ્યો. આવી જુએ છે તો આખું પાદર લોહી લોહાણ થઇ ગયેલ છે. વખતે દગો હોય માટે છાના રહી વેશ બદલી તપાસ કરવા ઠરાવ કર્યો. કેમકે કદાચ પોતાનોજ ભાઇ ધીંગાણું થતાં મરી ગયો હોય તોપણ કેમ ના કહેવાય. એમ જુદી જુદી જાતના તર્ક કરવા લાગ્યો ને છેક અંધારૂ થયે ગામમાં આવી જુએ છે તો પ્રથમની દૂકાને એક વાણીઓ ફાફડા વેચે છે તેને પૂછ્યું. શેઠજી આપનું નામ શું? શેઠ—મારૂ નામ કલો ફાફડીઓ છે.

અભેસિંહ—ભાઇ, મારે રાતની રાત રહેવી છે તો રહેવા દેશો?

કલો—બહુસારૂ ભાઇ. આ ઘર આપનુજછે એમાંશું. આપ કોઇ સારા માણસ લાગોછો એમ કહી પોતાના દીકરા કમળશીને હાટડીની ખબર રાખવાની ભલામણ કરી અભેસીંહને પોતાને ઘેર લઇ ગયો ને પો-

તાની સ્ત્રી જેનું નામ કે મોંઘી હતું તેને કહ્યું. આ મેમાન છે તેની બરદાસ રાખજે હું હમણા આવુંછું એમ કહી ગામમાં ગયો. મોંઘીએ અભેસીંહના દુખણા લીધા ને કહ્યું ભાઇ, અહીં ઓસરાગમાં સામાન ઉતારો અને સામા ઢાળીઆમાં ઘોડાને બાંધો તેણે તેમ કર્યું એટલામાંતો કલો ગામમાં જઇ ગોધમ, ઘી, ગોળ, લીલોતરી શાક વગેરે લઇ એક મોટી લીલા ઘાસની ગાંસડી પણ લેવરાવી ઘેર આવ્યો. કેમકે તે જાતે ઘણોજ ગરીબ હતો, બે પાંચ માણા ચણા તથા બે પાંચ શેર તેલ નામે લઇ પોતાનું ગુજરાન ઘણી મુસીબતે ચલાવતો હતો તેથી ઘરમાં સર્વ સામાન કયાંથી હોય? વળી જાણ્યુંજે સારૂ માણસ જણાય છે તો આપણી મહેનત મિથ્યા નહિ થાય. એમ જાણી ઘેર આવી પોતાની સ્ત્રીને કહી કંસાર, શાક, તથા દાળ ભાત કરી સારી પેઠે જમાડી એક ખાટલો નાંખી દીધો ને ઘોડાને ઘાસ નાખ્યું પછી વાતે ચડયા. કહ્યું છે કે,—

यस्माश्चप्रियमिच्छेत तस्यब्रूयात्सदाप्रियं;
व्याधोमृगवधोगंतुंगीतंगायातिसुस्वरं. १

કોઇ માણસ બીજા પાસેથી પોતાનું સારૂં થવાને ઇચ્છે છે તેણે તેની સાથે સારૂં સારૂં બોલીને મોહીત કરવો ને આપણું સારૂં કરાવવું. જેમકે—પારધી હરણને મારવાને વાસ્તે તેને વહાલું એવું સુસ્વર ગાયન કરે છે ને પોતાને વહાલુ મેળવે છે. તેજ રીતે કલા શેઠે આ કોઇ સારૂં માણસ છે તો આપણને કાંઇપણ મળશે એમ જાણી ઉપર કહ્યા પ્રમાણે ખાતર કરી અને હવે મીઠાં મીઠાં વચનો બોલી અભેસીંહને કહેવા લાગ્યો,—

શેઠ—સાહેબ આપ કયાં રહો છો, બહાર કેમ નીકળવું પડયું, કયાં લગી જવા વિચાર છે, આપનું નામ શું ને કયા કૂળને પવિત્ર કરેલ છે વગેરે પૂછયું. ત્યારે **અભેસીંહ**—શેઠજી હું રજપૂત છઊં, ઘણે દૂર દેશાવર રહું છું. હું ને મારો મોટો ભાઇ કોઇ કામ પ્રસંગે બહાર નીકળી ગયા હતા તેમાં મારો મોટો ભાઇ મારાથી જૂદા પડી જવાથી કયાં ગયા તે મને ખબર નથી માટે તેને શોધવા (ગોતવા) નીકળેલ છું એમ કહી વિચાર્યું જે આ શેઠ ગરીબ લાગે છે તથા વિવેકી ને સારા જણાય છે તો અહીંજ ઘોડો ને સરસામાન મૂકી પાળા થઇ દરેક ગામે ગામ સારી પેઠે તપાસી તપાસી જોવું. કેમકે ઘોડા સાથે હોવાથી ઘાસ ચંદીની તથા જોખમ હોવાથી લૂંટફાટ ને ચોર ચખારની બીક. માટે ફકત ખોરાક જોગ પૈસા પાસે રાખી નિકળવા વિચારી કહ્યું. શેઠ, હું મારા ભાઇનો શોધ કરી પાછો આવું ત્યાં સુધી આ મારો ઘોડો તથા સર્વ સરસામાન સાચવશો ? શેઠે કહ્યું સાહેબ, એમાં સાચવવું શું, આ ઘર આપનુંજ છે માટે કાંઇ ચીંતા રાખવી નહીં પછી અભેસીંહે શેઠાણી મોંઘીને બોલાવી ખડીઆમાંથી સોના મહોરનો ખોબો ભરી આપ્યો ને કહ્યું લે બેન, આ કાપડું, ને ભારે કાપડું તો હવે પછી હું મારા ભાઇનો તપાસ કરી આવીશ ત્યારે આપીશ. તે જોઇ શેઠ શેઠાણી તો ખુશીજ થઇ ગયાં ને પેલો તેનો છોકરો જે કે કમળશી બાડો, બોબડો, ખુંધાળો ને સર્વ વાતે ખોડીલો તે આ વખત ધોરતો હતો. સવાર થતાં શેઠ શેઠાણીને ઘોડા તથા સામાનની ભલામણ દઇ ગામમાંથી કંદોઇની દુકાનેથી તૈયાર ભાતું મંગાવી મોટા ભાઇની તપાસ કરવા અભેસીંહ બહાર પગપાળો નીકળી ગયો. ગા-

મમાં તપાસ કર્યો ન કર્યો ને આગળ રસ્તો લીધો. રોજ પાંચ સાત ગામ જૂએ એમ બે વરસ ભટકયો પણ પત્તો મળ્યો નહીં ત્યારે છેવટ નીરાશ થઇ પાછો કનકાવટી તરફ વળ્યો. હવે અહીં કનકાવટીમાં કલાફાફડીઆએ વિચાર્યું જે ઘણા દીવસ ભૂખ વેઠી હવે શા માટે દુ:ખી થવું એમ કહી દરબારમાં જઇ ગામ વચ્ચે ઘણી વિશાળ જમીન વેચાતી લીધી ને પેલા અભેસીંહના ખડીઆમાંથી આ નીમકહરામ વાણીઆએ તગાગ સોનામહોરો કાઢી લઇ તે વડે તે જમીન ઉપર હજારો રૂપીઆ ખરચી ભારે ઇમારતો બંધાવી ને મુનીમ, વાણોતરો વગેરે રાખી ધમધોકારે મોટો ધંધો કરવા માંડયો ને કલો ફાફડીઓ મટી કલ્યાણજી મેતો કહેવાવા માંડયો. પછી નવા રાજા માનસીંહ તથા દીવાન હરજી વચ્ચે અણબનાવ થતાં માનસીંહે નવો દીવાન કરવા વિચાર ધાર્યો તેમાં તેજ ભાઇ કલ્યાણજી મેતો નજરમાં આવ્યો. કેમકે કહ્યુંછે કે.—

यस्यास्ति वित्तं सनरःकुलिनः,
सपंडीतःसश्रुतिमानगुणज्ञ;
सएववक्ता सच दर्शनीय,
सर्वे गुणाकांचन माश्रियंते. १.

જેને પૈસા છે તેજ માણસ કુળવાન, તેજ પંડીત, તેજ વેદાદિ શાસ્ત્ર જાણનાર, ગુણની કદર જાણનાર, ભાષણ કરવામાં કુશળ તથા દર્શન કરવા જોગ છે. એમ સર્વે ગુણ સોનામાં આશ્રય કરીને રહેલા છે. તેથી નવા શેઠ કલ્યાણજી મેતાની જાહો જલાલીથી અંજાઇ માનસીંહે તેને દીવાનની પાઘડી આપી. તેથી કનકાવટી નગરીમાં તો હવે તે કરતા હરતા થઇ પડયો.

અભેસીંહે અઢી વરસે રઝળતા રઝળતા ગામમાં આવી પૂછ્યું કે અહીં કલો ફાફડીઓ કયાં રહે છે ? માણસોએ કહ્યું અહીં કનકાવટીમાં તો અમારા જાણવા પ્રમાણે કલો ફાફડીઓ રહેતોજ નથી. તેથી અભેસીંહે ગામમાં આગળ ચાલી બીજે ત્રીજે ને ચોથે ઠેકાણે જઈ પૂછ્યું તોપણ બધેથી તેજ જવાબ મળ્યો તેથી નિરાશ થયો ને આગળ ચાલી મધ્ય ચોકમાં વળી પૂછ્યું તો જવાબ મળ્યો જે હા, હા, તે તો હવે કલ્યાણજી મેતા કહેવાય છે ને મુખ્ય દીવાન છે તેનું તમારે શું કામ છે એમ કહી કહ્યું જે જુઓ આ સામે નવી દુકાનો અને હવેલીઓ કળાય છે તે તેમની છે. આ વાત સાંભળી અભેસીંહના અંતહકરણમાં મોટી ફાળ પડી. કેમકે તેણે જાણ્યું જે તે નીમકહરામ થયો જણાય છે, પણ હવે શું થાય છે તે જોવું. ઘોડો ને દ્રવ્ય આપે તો તો ઠીક. નહીં તો કાં હું નહીં ને કાં તે નહીં. કેમકે હું સાવજનો શીકાર શું શીઆળ ખાશે ? એમ વિચારી તેની ડેલીએ ગયો ને જોયું તો ચાર આરબ ડેલીએ ચોકીપર છે. કાવાદાની ધ્રબક, ધ્રબક, થઇ રહી છે. બુંદ ઘુંટાઇ રહ્યા છે. ત્યાં જઇ આરબોને કહ્યું. ભાઇ શેઠનું મારે જરા કામ છે તો મળવું છે. આરબે કહ્યું રજા વિના અંદર જવાય નહીં. જરા થોભો લો હું પૂછી આવું. એમ કહી અંદર જઇ કોઇ પરદેશી રજપૂત અંદર આવવા કહે છે તેમ કલ્યાણજી મેતાને કહ્યું. મેતે દૂરથી નજર કરી જોયું તો તેને ઓળખ્યો ને જાણ્યું જે અભેસીંહ આવ્યો હવે શું કરવું. એમ વિચારી આવેલ આરબને કહ્યું તેને અંદર આવવા દેવો નહીં ધકા ધૂંબા મારી પાછો કાઢવો. તેમણે તેમ કર્યું, ત્યારે અભેસીંહનો ધુંધવાતો ક્રોધાગ્નિ પૂર જોસમાં

પ્રજવલીત થયો ને તેણે વિચાર્યું જે હવે તો જાત ઉપર ગયા વિના છૂટકો નથી એમ વિચારે છે ત્યાં તો તેના સ્વરૂપમાં એકાએક ફેરફાર થઇ ગયો તે એવો કે લાલ ધગાવેલ તાંબાની જેવી બંને આંખો થઇ ગઇ ને ભૃગુટી પણ વિકાળ દેખાવા લાગી ને રૂવાડાં પણ ઉભાં થઈ ગયાં ને થરથર કાંપવા લાગ્યો એવી રીતે રૂંવાડે રૂંવાડે વીરરસ વ્યાપી ગયો ત્યારે કરણીજીનું નામ લઇ તરવાર વા. ડાસાઇ (કાઢી) કરી મીઆનનો ઘા કરી દઇ નાગી તરવારે અંદર ધસ્યો. ઉઘાડી તરવાર ને તેનો આવો વિકાળ ચહેરો જોઇ આરબો ડર્યા ને માંહોમાંહે કહેવા લાગ્યા જે નાહક સાત ને બહુ તો આઠ રૂપીએકે પગારમેં જાન મત ખોના એમ કહી તે પેટભરા આરબો આઘા પાછા થઇ ગયા ને અભેસીંહ બે ધડક ઘરમાં ચાલ્યો ગયો. જઇને જુએ છે તો શેઠ હીંડોળા ઉપર મોટા બીછાનાપર બેસી હીંચકે છે ને શેઠાણી સામા બેઠેલ છે. એવી સ્થિતિમાં અભેસીંહને શેઠાણીએ આવતો જોઇ ચમકી શેઠને કહ્યું. આ અભેસીંહ તો ઉઘાડી તરવારે અંદર આવ્યો હવે શું કરવું. શેઠે અચાનક આવો બનાવ બનેલો જોઇ બે બાકળા થઇ કહ્યું જે સામી જઇ દુખણાં લે તેણે તેમ કર્યું ને ત્યાર પછી શેઠ પણ બહાર ઘરના ચોકમાં આવ્યો ને પધારો પધારો કહી આ શું, ઉઘાડી તરવાર કેમ વગેરે આશ્વાસનાના વચનો કહ્યા. અભેસીંહતો શૂરના આવેશમાં ધ્રુજતો હતો તોપણ ધીરજ રાખી બોલ્યો મારો ઘોડો ને સામાન કયાં છે ? શેઠે કહ્યું પેલી ઘોડારમાં બાંધેલ છે એમ કહી પાસેજ એક ભોંયરામાં તેનો બાંધેલ ઘોડો બતાવ્યો તે છોડવા તેની પાસે અભેસીંહ ગયો કે તુરત શેઠે ભોંય-રૂં બંધ કરી સવામણનું (મોટું) તાળું માર્યું. એવી રીતે અભે-

સીંહ કાળાગ્રહમાં પડ્યો. બહાર નીકળવા ઘણી ઘણી તદબીરો કરી પણ સર્વ આશા ફોગટ ગઇ. શેઠે ગાળો દઇ કહ્યું કે રાંડનો ઉઘાડી તરવારે આવતો હતો, જાણતો નહોતો કે તેનો બાપ ઘરમાં બેઠો છે. વગેરે ઘણા કઠોર વચનો સંભળાવ્યા પછી પોતાના ચાકરને હુકમ કર્યો જે જો તે તેની ઉઘાડી તરવાર જાળીમાંથી બહાર ફેંકી દે તોજ દીવસમાં ફક્ત એક વખત રોજ લીંબુ જેટલી ખીચડી તેમાં મુઠ્ઠી ભરી મીઠું ને છાશ નાંખી ઉપર જાળીએથી તેના ખોબામાં ધાર કરી આપવું ને બીજું કાંઇ પણ ન આપવા તથા વાતચીત પણ ન કરવા સખ્ત તાકીદ કરી. અભેસીંહે પેટ નાંખી આ જીવ્યા કરતાં મરવું સારૂં એમ જાણી પેટ નાંખવા જાય છે ત્યાં " જીવતો નર ભદ્ર પામશી, મુઆ પછી કો નહીં મળે; આ તકમાં તો ટાળો કરો કોઇ દીવસ ઇશ્વર ફળે " એ વાત યાદ આવવાથી તથા આત્મઘાતી મહા પાપી છે એવી શાસ્ત્રમાં આવેલ આખ્યાનની સ્મૃતિ આવતાં આત્મઘાત ન કર્યો. કહ્યું છે કે—

તાદ્રશીજાયતેબુદ્ધિર્વ્યવસાયોઽપિતાદ્રશઃ

સહાયાસ્તાદ્રશાએવયાદ્રશીભાવિતવ્યતા.

કાળે કરીને જે પ્રમાણે આગળ થવાનું હોય છે તે પ્રમાણે તેની બુદ્ધિ થાય છે ને નિશ્ચય પણ તેવોજ થાય છે, તેને સહાય પણ તે પ્રમાણેનીજ મળે છે. મતલબ કે પ્રારબ્ધથી તેને જેવું થવાનું છે તેને તે પ્રમાણે બધું પ્રતિકૂળ કે સાનુકુળ થાય છે. પ્રારબ્ધને અન્યથા કરવાને કોઇ સમર્થ નથી. એ પ્રમાણે અભેસીંહના આ વખતે તેવાજ પ્રારબ્ધ માટે પોતે આત્મઘાત ન કરતાં ઉપર

શેઠે બંદોબસ્ત કરી રાખ્યા પ્રમાણે દીવસમાં ફક્ત એક વખત લીંબુ જેટલી મુઠ્ઠી મીંઠું ને છાશ નાંખેલ ખીચડી ખાઇ દેહનો આધાર રાખ્યો. એમ દુઃખમાં એક માસ કાઢયો ને આયુશ વધારે તેથી અભેસીંહ જો કે બળીને ખાખ થઇ ગયો હતો ને હવે તો ફક્ત હાડકાનું ખોખુંજ રહ્યું હતું ને ઉઠવા બેસવાની પણ શક્તિ ગઇ તોપણ તેનો આત્મા દેહનો ત્યાગ કરી જતો હતો નહીં. કેમકે કહ્યું છે કે—

रंकंकरोतिराजानंराजानरंकमेवच,

धनिनंनिर्धनंचैवनिर्धनंधनिनंतथा. १

ઇશ્વરની કળા ગહન છે, તે ઘડીમાં રંકને રાજા ને રાજાને રંક કરી દેછે તેમજ ધનવાનને નિરધન તથા નિરધનને ધનાઢ્ય બનાવે છે. તેવીજ દશા અભેસીંહને શેઠ કલ્યાણજીથી થઇ હતી કે મકે છત્રપતિ રાજાનો કુંવર કાળાગ્રહ સેવે અને મહામુસીબતે પણ પેટ ન ભરી શકતો એવો વણીક આ વખતે મહા વૈભવ ભોગવતો હતો. એવા સમયમાં કમળશીના લગન આવ્યાં. કમળશી ઉપર કહી ગયા પ્રમાણે બાડો, બોબડો, ખાંધવાળો એમ સર્વે ઉપમાજોગ કલ્યાણજી મેહેતાનો દીકરો હતો તેથી આસપાસ તેને ન વરાવતાં દરીઆને સામે પાર રાજાપૂર બંદરમાં હીરાશા શેઠને ત્યાં વરાવ્યો હતો કેમકે ઉપર કહ્યા પ્રમાણેની કમળશીમાં ખામીઓ હોવાથી આ દેશમાં તો કન્યા કોઇ આપે તેમ નોહોતું પણ તેની દીવાન થતાં લાજ વધવાથી હીરાશાએ નાળીએર મોકલેલ તે વરકન્યા જોયા સિવાય બદલાવેલ હતું મતલબ કે વેશવાળ કર્યું હતું.

હવે કલ્યાણજી મેતો તો લગ્ન આવતાં ગભરાવા લાગ્યા, હવે

કેમ થશે ? કન્યા કમળશી વેરે પરણાવશે કે નહીં ? જો પાછા આવીએ તો લાજ જાય દીવાન થઇ પીડીવાળો લઇ જવું ને કન્યા વિના પાછું આવવું થાય તો મરવુંજ પડે વગેરે વગેરે વિચારી પેલા ભોંયરા પાસે જઇ શેઠ ઊભા રહ્યા ને અભેસીંહ જે કે ભોંયરામાં મુવાબદલે જીવતો હતો તેને કહ્યું કે જો તું મારૂ કહ્યું માને તો બહાર કાઢું. અભેસીંહે વિચાર્યું જે આ ભૂંડે હાલે ભૂખ્યા તરશ્યા મરવા કરતાં હવે તો તે જેમ કહે તેમ કરવું ને આગળ બને તે ખરી ને હાલતો સુખ થાય ને જો જીવતા રહ્યા તો વળી જોઇ લેશું. પણ જો અહીં ભોંયરામાંજ મૂઆ તો કોઇ સમાચાર સરખો પણ કહે તેમ નથી, એમ જાણી કહ્યું. શેઠજી, આપ જેમ કહેશો તેમ કરીશ. પછી શેઠે તેને બહાર કાઢયો. વાળંદને બોલાવી હજામત કરાવી નવરાવી ધોવરાવી સારાં લુગડાં વાણીઆના પહેરાવીને, સારી રીતે જમાડી કરી કહ્યું કે તમો મારા કમળશીને બદલે ભાડે પરણશો ? ને પરણીને આવ્યા પછી વહુ અમારો ને તમોને તમારે ઘેર સુખેથી જવા દઇશું. અભેસીંહે વિચાર્યું જે હવે તો સમાનાજ ભણવા. કેમકે હાલવા ચાલવાની પણ શક્તી રહી નથી તો ખાશું, પીશું, ને વિવાહ માણી નવે પોત આવીશું તો વખત મળે પાછો શેઠને જોઇ લેશું. એમ વિચારી કહ્યું-શેઠજી, ફરીફરીને શું પૂછોછો જેમ તમો કહો તેમ કરવાને તૈયાર છું કેમકે તેણે વિચાર્યું જે મારે માથેથી હવે દુઃખનું વાદળ જઇ સુખનું વાદળ આવે છે તો શા માટે દુઃખમાંજ રહેવું. કહ્યું છે કે—

સુખ આવ્યું તો ભોગવો, દુખ આવ્યું તો તેમ;
સુખ દુખ બે ફેરા ફરે, ચક્ર ફરે છે જેમ. ૧

સુખ પાછળ દુઃખને દુઃખ પાછળ સુખ એમ ચક્રની પેઠે આવ્યાજ કરે છે. તો કદાચને દુઃખ જઇ સદાને માટે હવે આમાંથી સુખનો વખત આવે તો કોણ ના કહે; એમ સમજી હવે તો અભેસીંહે હાજી હાજ કરવા માંડયું. જેથી પછી તો શેઠે સારી રીતે તેને ખાવા પીવાની ને બીજી સૂવા બેસવા વગેરે સર્વ જાતની બરદાસ કરવા માંડી, તેથી થોડા દીવસમાં પાછો સારો સ્વસ્થ થઇ ગયો. પંદર દીવસ પછી જાન ચાલવાની હતી તે પ્રમાણે માંડવો નાંખ્યો. ગીત ગવાવા લાગ્યાં ને પીઠી પણ ચોળાઇને ફુલેકાં કર્યાં તે સર્વ પેલા કમળશાંને થતું હતું અને અભેસીંહને તો અંદરખાને પીઠી ચોળી છાની રીતે તૈયાર કરેલ હતો. પછી જાન ચલાવવાની ઠરેલ મુદત આવતાં સર્વ જાન તૈયાર કરી કલ્યાણજી મેહેતા વહાણો ને તૈયાર કરાવી સામે કાંઠે રાજાપૂર જવા નીસર્યા. મેતે ચાર વહાણ તૈયાર કરાવેલ હતાં તેમાંથી એકમાં સર્વ બૈરાં, બીજામાં સર્વે પૂરૂષો ને ત્રીજામાં પીવા માટે જળ, તથા ભાતું પોતું, સીધું સામાન વગેરે હતું અને ચોથામાં મુખ્ય મુખ્ય શેઠીયા તથા બીજા અમીર ઉમરાવાદીક સારા સારા જાનઇઆ હતા. કલ્યાણજી મેહેતો મુખ્ય દીવાન હોવાથી અમીર ઉમરાવ પણ હાજી હા કરી સાથે સારૂં લગાડવાને આવેલ હતા. એ રાત ને એ દહાડે જાન રાજાપૂર બંદરને ખાજે પહોંચી. બંદુકોના બહાર થયા ને સર્વ માણસો વહાણમાંથી ઊતરી કાંઠે ગયા. સર્વ રીતે આ વખતે અભેસીંહને લૂગડા લત્તાં ઘરેણાંગાંઠાથી શણગારી વરરાજા બનાવેલ હતો. આગળ રાજકુમાર ને તેમાં વળી પીઠી ચોળી તથા સારા લૂગડાં ને ઘરેણાંથી શોભીત કર્યો જેથી શાક્ષાત કામદેવજ જાણે વાણીઆનું રૂપ લઇ આવેલ હો.

સ તેવો શોભતો હતો. પડખે પેલો કમળશી હતો તેને પણ બે ચા-
ર ઘરેણાં ને સારાં લૂગડાં પહેરાવ્યાં હતાં પણ તે મહા દેદીપ્યમાન
મણીની પાસે જેમ કાળા પથરના કાંકરો શોભે તેમ અભેસીંહ પા-
સે શોભતો હતો. ગામમાં જાન આવવાની હીરાશાને ખબર થતાં
પ્રથમ વેપારીની રીત પ્રમાણે ખાંડના પાણી કરી ગળી પાંચ દશ બેડા
લેવરાવી સામા પાદર આવ્યા. પછી સર્વ એકબીજાને મળ્યાને ગળ્યા પા-
ણી પાયાં ને વરને જોઇ સર્વ માંડવીઆં રાજી રાજી થઇ ગયાં. પછી થોડી
વારે હીરાશા શેઠ તરફથી સામૈયું થયું ને સારો ઉતારો આપ્યો ને
પછી જમવા બોલાવ્યા ને ઉતારે વરને માટે પણ જમવાનું મોકલ્યું.
આ વખતે અભેસીંહ રજપૂત છતાં માથે વાણીઆની પાઘડી રહી
ગઇ છે, લાંબી ચાળની કેશરીઆ રંગની આંગડી શોભી રહી છે.
હીર કાની ધોતીયું પહેરાવેલ છે. કાનમાં તંગલ ને ઠોળીઆં ગળામાં
મોહનમાળા, ગળચવો, ગંઠો ને દોરો તથા પદકનો હાર નાંખેલ છે.
હાથે સોનાનુ કડુ ને કાંડે પોંચી તથા દશે આંગળીએ દશ સોનાના
વેઢ પહેરાવેલ ને કેડે કંદોરો તથા પગમાં તોડો છે ને શંખલાદી
સોના રૂપાના સતારા તથા સાચા કસબથી ભરેલ મોજડીઓ પહેરેલ
છે, એવા રીતનો અભેસીંહ જેને કે આ વખત કમળશી કહી બો-
લાવતા હતા ને પોતે પણ કમળશી કહેતા હુંકારો દેતો હતો. આ-
વાત અભેસીંહ, કલ્યાણજી, મોંઘી, કમળશી ને બીજા બે ચાર
અમીર ઉમરાવ તથા જાન માંહેના એકાદ બે વેપારીના જાણવામાં
હતી. બીજાના જાણવામાં નહોતી. બધા જમી રહ્યા બાદ વેપારીની
રીત પ્રમાણે કન્યા ઘોડે ચડી જાનને ઉતારે ચુંદડી ઓઢવા આવી
તે વખતે તે કોઇ દેવાંગના હશે એમ શોભતી હતી. સર્વ જાન તે

કન્યાના રૂપ રંગથી મોહીત થઇ ગયા. તેના એકે અંગમાં ખોડ નહોતી, વળી રૂપરંગ પ્રમાણે શોભતાં લૂગડાં ને ઘરેણાં હતાં તેથી તેનું મુખ સૂવર્ણમય વેલોમાં ઉદય પામતો ચંદ્રમા જેમ શોભે તેમ શોભતું હતું. એ પ્રમાણે સર્વને મોહીત કરી કન્યા ચૂંદડી ઓઢી પાછી માંડવે ગઇ. હવે વરને ઘોડે ચડી માંડવે તોરણ ચડવા વખત આવ્યો. ઢોલ વાગવા લાગ્યા, ત્રાંબાળા ત્રાંસાની કડકડાટી બોલી, નગારાપર દાંડીઓની અમોઘવૃસ્ટી થવા માંડી, સરણાઇઓમાં મર્શીઆ, સીંધુડા, હીંસ વગેરેના રાગ મધુર સ્વરથી થવા લાગ્યાં, રંગ બેરંગી બપોરીઆ, દાડમો, મેતાબો, ચરખીઓ, ફુલખરણી વગેરે દારૂખાના છૂટવા માંડયા—જે જોવાને માણસોનો સમુહ એટલો બધો થઇ ગયો છે કે ભોગજોગે કોઇ પડી ગયું હોય તો ભાગ્યેજ ઊભું થવા પામે. એવી રીતે મનુષ્યની ઠઠ્ઠ સાથે વર તોરણ આવ્યો. એટલે હીરાશા શેઠના ઘરવાળા (શેઠાણી) દીવાળીબાઇએ બ્રાહ્મણોના કહેવા પ્રમાણે પોંખ્યો. પોંખી ચાંદલો કરતાં નાક તાણવા ગઇ પણ અભેસીંહ પહોચેલ હતો તેથી નાકતો ન આવ્યું પણ અંગુઠો હાથમાં આવ્યો.

શેઠાણી દીવાળીબાઇ જમાઇનું રૂપ ને રંગ તથા હુશીઆરી જોઇ બહુ રાજી થયા. પછી વરરાજા માંડવામાં આવ્યા ને બે ઘડી બેઠા બાદ ગોરના કહેવાથી કન્યાને પણ માંડવામાં પધરાવી. વરઘોડીઆને સામસમા બાજોઠ ને વરમાંચી પર બેસારેલ છે, માઇરૂં થાય છે, ગોર સ્વાહા, સ્વધા બોલી રહ્યો છે, બંને તરફથી એટલે વર ને કન્યા તરફથી બબે સ્ત્રી પુરૂષો વરકન્યાને શીવ પારવતી, કૃષ્ણ રૂકમાણી, ઇંદ્રઇંદ્રાણી, તથા બ્રહ્મા સાવીત્રીની શોભાગ્ય દેછે તેવે વ-

અતે નજર ચૂકવી પડખે થાળીમાં કંકુપડેલ હતું તેમાં શળી બોળી બોળી કન્યાના પાનેતરને છેડે કોઇ ન જાણે તેમ અગેસીંહે લખ્યું જે "વરતો મારા પાસે હમેલ કમગશી જે કે બાડો, બોબડો, ખુંધવાળો ને સર્વે ઉપમાજોગ છે તે છે, ને હું તો જાતે રજપૂત ભાડે પરણવા આવેલ છું માટે ચેતાવું છઉં તો મરજી પ્રમાણે ચેતજે" પછી માહેર થઇ રહેતાં કન્યાને ઘરમાં લેઇ ગયા ને રીત પ્રમાણે સવારે ચોરી કરવાની હતી. હવે ઘરમાં જઇ પાનેતર ધડ પ્રમાણે સંકેલે છે ત્યાં અક્ષરો પેલી કન્યા જમનાએ દીઠા. વાંચી ભૂંસી નાંખ્યા ને મનમાં વિચાર્યુંજે હવે કરવું શું. વાત કરે વરઘોડો (ફજેતી) થાય સસરાની તથા બાપની લાજ જાય. મારાં નશીબમાં એમજ હશે પણ જેની સાથે હસ્ત મેળાપ થયો, હજારો મનુષ્ય અને અગ્નિ સાક્ષીએ પરણ્યાં તેજ સ્વામી ને પ્રભુ છે. બીજા જગતમાં ભાઇ બાપ સમાન છે એમ વિચારી ઢોંગ કર્યો જે પેટમાં દુઃખે છે. તેનો બાપ હીરાશા, ને મા દીવાળી બાઇ આવ્યા. હીંગ, અજમા, શંખવટી વગેરે ઘણી દવા ખવરાવી પણ પેટમાં દુઃખતું મટે નહીં. રાડો નાંખે ને કહે કે વાઢ ચાલી છે. છેવટે ગલાલજે કે પોતાના ભાઇ દામજીની વહુ થાય તે આવી તેને એકાંત મળતાં પેલા ચુંદડીને છેડે લખેલ અક્ષરની વાત કહી. તેણે પોતાના સ્વામી દામજીને અને દામજીએ પોતાના મા બાપ હીરાશા તથા દીવાળીબાઇને વાત કહી. એમ ઘરના માણસોને ખબર થયા એટલે બધા જમનાને વીંટી બેઠા પણ હવે કેમ કરવું તેનો ઉપાય કોઇને સુઝે નહીં. બહાર ગોર વખત થતાં ઘાંટા ઉપર ઘાંટા કાઢે છે કે કન્યા પધરાવો, કન્યા પધરાવો. પણ અહીં ગુંચવાએલ કોકડું કેમે ઉકલે નહી. છેવટે મરજાદ છોડી

જમના બોલી-જો તમે મને જાનને માસ પંદર દીવસ રોકી કળ સંચાની વહેલ ઘડાવી આપો તો ચોરીએ ચડું. નહીતો હું જીભ કરડીને મરીશ. શેઠ હીરાશાએ તેમ કરવા હા કહી, એટલે છેવટ ચોરી થઇ ને બંને વરઘોડીઆં પરણી ઉતારે ગયા. નાત રીત પ્રમાણે પાંચ સાત દીવસ રહ્યા બાદ હરખ જમણ થયું એટલે કલ્યાણજી મેતે હીરાશા પાસે વેળાસર રજા મળવા કહ્યું.

હીરાશા-પરદેશનો મેળાપ થાય નહી વચ્ચે મોટો સમુદ્ર માટે પાંચ દીવસ વધારે રોકીશું.

કલ્યાણજી મેતા—પાંચ મેમાન હોયએ તો રોકાવું ઠીક, જાનને રોકાય નહીં. ઘેર બધા વાટ જુએ. દરીઆના મામલા છે તો માગેલ માણસો જે જાનૈઆ તે સર્વના સગાસંબંધી સર્વ અફસોસ કરે માટે વહેલી રજા થવી જોઈએ.

હીરાશા--સાહેબ, વધારે નહીં રોકીએ ફકત પાંચ દીવસજ. પછી પાંચ દીવસ રહ્યા. વળી રજા માગવા કલ્યાણજી મેતે આગ્રહ કર્યો પણ હીરાશા એ સુતારને ત્યાં કળસંચાની વહેલ ઘડવા નાંખેલ છે, પોતે જાતે આંટા ફેરા ખાય છે. રાત દહાડો પચાશ સૂતાર કામ કરે છે પણ હજી પૂરી થએલ નથી, સુતાર હજી પાંચ દીવસની વાર કહે છે. તેથી હીરાશાએ કલ્યાણજી મેતાને કહ્યું જે, આપ તો સમરથ છો, રાજના દીવાન છો આપ સમાન થવાયજ નહી. માટે જે બે પાંચ દીવસ સારા સગા ભેળા રહી લાવ લીધો તે ખરો.

કલ્યાણજી મેતા--શેઠજી, આપની વાત કયાં ઓછી છે. આપને ઘેર પાંચ સાતતો વહાણ છે, ગામમાં નગર શેઠ છો, પૈસેટકે

કાંઇ કમીનો નથી વળી ખાનદાન છો વગેરે કહ્યું.

હીરાશા—આપની કૃપાએ ઠીક છે. ત્યારેજ પાંચ દીવસ વધુ રોકીએ છીએ. અમારે પણ આ છેલ્લા વિવાહ છે. હવે તો ભાઇ દામજીના છોકરા થાય ત્યારે ખરા અને તેને પરણાવવાનો વખત નો આવશે કે નહીં આવે. કેમકે ૪૦-૪૫ વર્ષની ઉમર તો થઇ ચૂકી છે. માટે મહેરબાની કરી પાંચ દીવસ પછી રજા માગશે તો તેટલા દીવસ આપે નજ બોલવું.

કલ્યાણજી મેતો—હવે તો બહુ ગેર વ્યાજબી થાય છે કેમકે કનકાવટીમાં અમારી રાહ કેવી રીતે જોવાતી હશે તેનો આપે વિચાર કરવો જોઇએ તોપણ ભલે ઠીક આપની મરજી.

એ પ્રમાણે જ્યાં સુધી વહેલ તૈયાર થઇ ત્યાંસુધી હીરાશાએ આજ કાલ કરીને જાન રોકી. અને વહેલ જ્યારે તૈયાર થઇ ત્યારે જાનના સર્વ માણસોને યથાઘટીત પહેરામણી દઇ સારી રીતનો કરકરીઆવર પણ સાથેજ આપ્યો પછી રજા આપી. વહેલ બાઇઓના બેસવાના વહાણની પછાડે બંધાવી દીધી. તેનો કેટલોક ભાગ પાણીમાં બુડેલને કેટલોક ભાગ ઉપર રહેલ છે અને વહાણની સાથે તરતી આવે છે. તે ઉઘાડવાની રીત નંબરીઆ તાળાની પેઠે પાંચ દોરી સમાન અંતરે કાપો કરેલ તેની પાસે આડી લીટીમાં આવે ત્યારે ઉઘડે છે. તે જમના જે કે કન્યા પરણી હતી તેણે ઉઘાડવા બંધ કરવાની યુક્તિ શીખી લીધી હતી. રજા થઇ ને જાન ચાલી. પછી એક દીવસને બીજે દીવસે જ્યારે વહાણો ગધ દરીએ ગયા ત્યારે બીજા વહાણમાં શેઠ કલ્યાણજી મેતા બેઠા હતા તેણે કહ્યું વરરાજા (એબેરીંદ) આ વહાણમાં આવો. ચા પાણી પીએ. પછી પાછા તે વહાણમાં જતા રહેજો. તે ત્યાં જવા

તૈયાર થયો એટલે બે વહાણુ નજીક લાવી વચ્ચે પાટીઉં નાંખ્યું. તે ઉપર થઇ જાય છે ને અધવચ્ચ આવ્યો કે તુરત પાટીઉં ફેરવી નાંખતાંજ અભેસીંહ સમુદ્રમાં પડયો તેજ વખતે પેશાબનો નીમીત કાઢી જમના વહાણુના પાછીના ભાગે ગયેલ હતી અને રાત્રીએ સર્વ સુતા તે વખતે સંકેત કરીજ રાખ્યો હતો ને અભેસીંહ તરવામાં ઘણો કુશળ હતો તેથી ભૂડકી મારી લાકડું પકડી વહાણુ પછવાડે જતો રહ્યો ને તેજ વખતે જમનાએ પણુ પેલી વહેલ ખુ-લ્લી કરેલ હતી તેથી કોઇના જાણ્યામાં ન આવે તેમ લાગ જોઇ વહેલમાં પેશી ગયો ને ઇસારો કરતાંજ જમનાએ વહેલ બંધ કરી ને અભેસીંહ વહેલમાં જઇ લૂગડાં નીચોવી બદલી બીછાનાપર સુતો કેમકે જમનાએ તેમાં મીઠું પાણી, જમવા લાયક જાત જાતના પકવાન, લૂગડાંલત્તાં, બીછાનું ને બીજી પણુ ઘણી સોઇ તેમાં કરી રાખેલ હતી તેમજ વહેલની ઉપર ઝીણી જાળીઓ હતી તેથી તે દ્વારા પવન પણુ સારી રીતે આવતો હતો તેથી અભેસીંહ કશી પણુ હરકત ન થતાં વહાણુ સાથે વહેલમાં કનકાવટીને બંદર આવ્યો.

રસ્તામાં હિરાશાએ પેલા કમળશીને વરના લુગડાં બીજા રાખેલ તે પહેરાવી કન્યા પાસે મોકલી બેસાડયો ને કહ્યું વહુ બાપ દીકરા આ તમારો વરને આ તમારૂં ઘર. આપણો વાણીઆ બ્રાહ્મ-ણુ અવતાર માટે કાંઇ પણુ અફસોસ કરવો નહીં. કેમકે તમે પેશા-બ કરવા ગયાં તે વખતે તમારો ધણી અહીંઆ વહાણુમાં આવતાં લપટીને કે કોણુ જાણે ફેર આવવાથી કે પ્રભુ જાણે કેમ થયું પણુ સમુદ્રમાં પડી ગયો. માટે હવે નાહક અફસોશ કરવો જમના સર્વ જાણુતી હતી તો પણુ બે ઘડી રોવા વગેરે

કર્યા. મેતો ઘણું ઘણું સમજાવે પણ કન્યા કાંઇ પણ જવાબ આપે કે બોલે નહીં ને ઉપર ઉપરથી રોયા કરે છે. છેવટ કનકાવટી બંદર આવ્યું, જાન ઉતરી ને સામૈયું થયું, હવે ફુલ દડે રમવાનો વખત આવ્યો ત્યારે સૌ બાઇઓ મોંઘી વગેરેએ સમજાવી એટલે જમના-એ ઉપરઉપરથી ઠીક કહ્યું. જેથી સર્વ જાનઇઆ વગેરે રાજી થયાં. ને જાણ્યું જે હવે વહુ સમજ્યાં ખરાં. પેલા વેપારી તથા બે પાંચ અમીર ઉમરાવ જે કે આ વાત જાણતા હતા તેને મેતે કહ્યું જે સાહેબો સર્વ લાજ આપના હાથમાં છે. હું આપનો મોટો આભારી થયો છઉં. માટે આ વાત બહાર પડવી ન જોઇએ ને તે વાતના સ-વેંએ આકરા સોગન ખાધા કેમકે બધાએ જાણ્યું જે આપણે શું ? ચોરની માને ભાંડ પરણે કહી ગુપ્ત રાખ્યું ને પછી ભારે ધામધુમથી વરકન્યા ફુલદડે રમી ઘેર ગયાં. રાત્રે મેડીએ પેલા કમળશીને સૂવા ...કલ્યો. જમનાએ માણસો પાસે પોતે આણેલ પેલી વહેલ ઉપડાવી ...લે માળ ગોઠવાવી દીધેલ હતી ને રાત્રી પડતાં વહેલ ઉઘાડી સર્વ ...કત કહી ગળ્યાને કામકેલી કરી રહ્યા એવામાં પેલો કમળસી ઉપર આવ્યો. એટલે અભેસીંહ પેલી વહેલમાં પેશી ગયો ને જમ-નાએ તે બંધ કરી. પછી બારણું ઉઘાડ્યું એટલે કમળશી અંદર આવી સુતો પણ જમના બોલાવતી નથી. ને કમળશી બોલાવા જાય છે તો રીસમાંથી કહ્યું જે છેટે રહેજે નહીંતો જોયા જેવી થશે! કમળશીએ જાણ્યું જે એની મેળા એ ઠેકાણે આવશે. એમ વિચારી પોતે સુતો ને ઉંઘી ગયો એટલે જમનાએ પાટુઓ મારી ઢોલીએથી ... રોતો રોતો નીચે ઉતરી ગયો ને હેઠે આવી તે રાત્રીએ ...યો. સવાર થઇ ત્યારે વહુ જમનાને ઉપલી વાત જાણી

મોંઘી બાઇ સાસુએ તથા સસરા કલ્યાણજી મેતાએ શીખામણ દેવા માંડી જે વહુ બાપ દીકરા આમ તમે સારા ઘરનું છોરૂં થઇ કરો તે ઠીક નથી. કેમકે તેમાં અમારી ને તમારા બાપનીને તમારી પણ શોભા નથી. થનાર હતું તે થઇ રહ્યું આપણો વાણીઆ બ્રાહ્મણનો અવતાર માટે સંપીને ચાલશો તો સારૂં. વગેરે ઘણી ઘણી શીખામણ દીધી પણ જમના હા કે ના કાંઇ બોલતી નથી. બીજી રાત્રે પણ જમીને બે ઘડી બેસી આગ તેમ વાતો કરી કમળશીને ઉપર તે જતો નથી પણ બળાતકારે કલ્યાણજી તથા મોંઘીએ મોકલ્યો. એટલે તે દીવસે તો કાંઇ પણ બોલ્યા સિવાય તે સુઇ રહ્યો. પેલી જગનાએ તેને ઉંઘમાં જાણી ગળે ચીપ (ફાંસો) દઇ મારી નાંખ્યો પછી પોટકી બાંધી પછવાડેની બારીએથી મધ્ય રાત થઇ ત્યારે રસ્તાપર ફેંકી દીધો. પછી અભેસીંહને બહાર કાઢી ભેગા બેસી જમી મોજ શોખ કરી કમળશીને મારી નાંખ્યાની વાત કહી. આ વાત સાંભળી અભેસીંહ દીલગીર થયો કેમકે તે નર પશુને મારવાથી કાંઇ ફળ નહોતું. પણ હવે બહાર નીકળવાનો વખત આવ્યો એમ જાણી ઠીક કહ્યું. ને જગનાને શીખવી મૂકયું કે આ બાબતની ફરીયાદ તારા ઉપર થશે ત્યારે પોલીસના માણસો તને કેદ કરવા આવશે એટલે તારે કહેવું જે રાજા સાહેબ મારી વાત સાંભળી મને ઘટીત ન્યાય આપે. બાકી ભલે આ ઘરની આસપાસ જોયતો પાકો બંદોબસ્ત કરો. પણ જો મારાપર બળાત્કાર કરવા જશો તો હું તમોને સ્ત્રીહત્યા દઇશ. જેથી રાજાનો તમોને ઠબકો મળશે. એ પ્રમાણે શીખવી ને વળી પોતાની વિગતવાત સર્વે કહીને પોતે વહેલમાં… જો ભરાઇ બેઠો. સવાર થતાં કમળશી હેઠે ઉતરતો નથ

ઉપર જઇ તપાસ કર્યો તો કમળશી તો મળે નહીં જેથી હાય વોય (અફસોસ) કરતો નીચે આવ્યો ને આસપાસ જોવરાવ્યું તો પછવાડેથી પેલી મૂડદાંની પોટકી હાથ લાગી. જેમાં કે કમળશીનું મૂડદું ઉપરથી પડવાથી ચગદાઇ ગયેલ જોયું ને હાહાકાર થઇ રહ્યો અને નાના મોટા સર્વે વેપારીઓ ભરાઇ ગયા. ને દરબારમાં ફરીયાદ થઇ—જેથી બાઇને બાંધી લઇ આવવા હુકમ થયો. ઘેર આવી સિપાઇઓએ જમનાને બહાર નીકળવા કહ્યું ત્યારે જમના બોલી—મારી એક અરજ છે. હું શેઠ હીરાશાની દીકરીને માથે આવો જુલમ ન ઘટે માટે મહેરબાની કરી મારી એક ખાનગી વાત રાજા પોતે મુખો મુખ સાંભળે ને પછી મારો ગુનો મારે ખોળે નાંખી તોપે કે ફાંસીએ ચડાવે. એ પ્રમાણે કહેવાથી બે સિપાઇ ત્યાંજ ઊભા રહ્યા ને બીજા બેએ રાજાને જઇ વાત કહી જે સાંભળી રાજા માનસીંહે કહ્યું જે રૈયત તો બેટા બેટી બરાબર છે, માટે ભલે, તેમ તેની વાત સાંભળ્યા પછી યોગ્ય સજાએ પહોંચાડશું. કેમકે કેવી રીતે ખુન થયું વગેરે હકીકત તે જાહેર કરવાની હશે તો કદાચ તે નિરઅપરાધી હોય ને તેની શરમ જતી હોય તો વખતે આપઘાત કરીને પણ મરે તો સ્ત્રીહત્યા થાય. માટે શું કહે છે તે સાંભળ્યા પછી વાત.

હવે સાંજના ત્રણને સુમારે રાજા કલ્યાણજી મેતાને ઘેર આવ્યો. તેની સાથે પ્રથમથી ગોઠવણ કરી રાખ્યા પ્રમાણે આડો ચક નાંખી વેપારી માત્રને હેડે જવાનો બંદોબસ્ત કરાવી ફક્ત રાજા ને મુખ્ય તેના એક બે અમીર તથા ન્યાયાધીશ ને ફોજ… ના પાંચ સાત …ટાવાળા ત્યાં રહ્યા. એટલે રાજા તરફથી …જમનાને કહ્યું. જમના, તારે આ ખુનના સંબંધમાં

કાંઇ કહેવાનું કે જાહેર કરવાનું હોય તે કહે. એટલે જમનાએ વાત કરવા માંડી જેમાં વિજયસિંહ નામે એક રાજાના બે દીકરાને તેની ઓરમાન માના કહેવાપરથી દેશવટો મળવાની, રસ્તે ચાલી બે ભાઇ મોટા જંગલમાં રાત રહ્યાની, તેમાં મોટા ભાઇ સુતા બાદ કાગડી ને દેડકી નાનાએ મારવાની અને મોટા ભાઈને ચાંદલો કરવાની તથા ચાલ્યા બાદ નાનાનું પાછા વનમાં જવાની સવ વાત વિસ્તારથી કહી બતાવીને પછીથી સાંજ પડતાં વાત બંધ કરી. રાજાએ આગળ વાત ચલાવવા કહ્યું, ત્યારે જમના બોલી જે મહારાજા સાહેબ, આ બધા માણસો બેઠા છે ને વાળુ પાણીની વખત પણ થઇ છે તો કાલે વાત. પણ અહીં માનસીંહને તો મહા શોક ઉત્પન્ન થયો હતો કેમકે તે પોતેજ હતો ને પોતાના ભાઇનુ હવે શું થાય છે તેની કાંઇપણ જાણ્યું આ વાત જોતાં તો આ સ્ત્રીને હોવીજ જોઇએ એમ અનુમાન કરી પૂછે છે. પણ જમના આગળ વાત કહેવા ના કહે છે તેથી લાચારીએ રાજા ઘેર ગયો. અનાજ પાણી હરામ કર્યું ને રાત્રે નિદ્રા પણ ન આવે તેથી બીછાનામાં આમ તેમ પછાડા મારી વિચારમાં ને વિચારમાંજ વહાણું કરી સવારે પાછો કલ્યાણજી મેતાને ઘેર આવ્યો અને આગળ વાત ચલાવવા જમનાને ફરમાવ્યું. ત્યારે તેણે કહ્યું સાહેબ હજી દીવસ ચડવાદો દાતણ પાણી કરો ને કસુંબો પાણી કરી આવો. પણ રાજાએ જ્યારે ઘણા આગ્રહથી આગળ વાત ચલાવવા કહ્યું ત્યારે રાત્રીએ અભેસીંહે કહી રાખ્યા પ્રમાણે તે નાનો કનકાવટીમાં આવ્યાની, લોહી જોઇ ખેદ થવાની, ગૂં સુક વાણીઆને ત્યાં ઉતરવાની, ઘોડો, સામાન

જવાની, ફરી અઢી વરસે રખડી આવી ખબર કાઢવાની, ને ઉઘાડી તરવારે ભોંયરામાં પૂરાતા તાળા દેવાની વાત કહી બંધ રહીને કહ્યું. જે હે મહારાજા હવેતો દશ વાગ્યા હશે. ને જમવાનો વખત થઇ ગયો હશે અને આ સર્વ સજ્જનોને દુઃખી શાગાટે કરવા. હવે તો પધારો. બીજી વાત આપને ફુરસદ મળે તો બપોર પછી અગર આવતી કાલે કહીશ. એ પ્રમાણે કહેવાથી રાજા માનસીંહના તો શોકનો પારજ રહ્યો નહી. હવે અભેસીંહ જીવતો હશે કે ત્યાંજ મરી ગયો હશે વગેરે બાબત તર્ક વિતર્ક કરવા માંડયો. પણ પૂરી વાત સાંભળ્યા વિના કેમ કરવું તે સુઝે નહીં. બંને આંખોમાંથી આંસુની ધારા ચાલી નીકળી. ઘણી અટકાવવા જાય છે પણ અટકતી નથી. હૈડું ભરાઇ આવ્યું. બોલવાની પણ શક્તિ આવતી નથી અન્તે ધીરજ રાખી કહ્યું કે ભલી થઇને કહે કે પછી તેનું શું થયું. જમનાએ બપોર પછી અગર આવતી કાલેજ કહેવાને કહ્યું. એટલે રાજા પાછો ફરી પોતાને બંગલે ગયો. ને અનાજ પાણી ઉડી ગયા, શા સુખે ભાવે. તે મનમાંને મનમાં કહેવા લાગ્યો જે અરે મેં અભાગીએ રાજમદમાં આવી તેની પૂરી ખોળ પણ કઢાવી નહીં ને અહાહા તેનો મારા ઉપર કેવો ચોખ્ખો પ્રેમ ? પોતે તીલક ન કરતાં તેણે તો મને મોટો ભાઇ જાણી કર્યું, જેના પ્રતાપે મેં આજ સુધી રાજપાટ ભોગવ્યું અને મેં અભાગીએ તો તેને દુઃખી થવા દેવામાં પારજ રાખ્યો નહીં. હવે તો જો ઇશ્વર કરે ને જીવતો મળે તો પગે લાગી માફી માગું બીજો કાંઇ ઇલાજ નથી. પણ

ક્યાં જીવ તે ભોંયરામાં હવે કયાંથી જીવતો હોય !!! એવી રીતે

ચ્યારમાંજ બપોરના બે વગાડયા ને પાછો કલ્યાણ

મેતાને ઘેર રાજા આવ્યો. પણ આજ તો જમનાએ પોતાને કળ-તર આવવાની વાત કહી. આવતી કાલ આજની પેઠે સવારમાં પ-ધારવા કહ્યું. જેથી રાજા નિરાશ થઇ ભાગે પગે, ઉતરેલ ચહેરે બહાવરા જેવો બની પાછો બંગલે ગયો. સાંજ પડવાને ચાર ક-લાક રહ્યા હતા તે તેને ચાર જુગ જેવા અને રાત્રીના બાર કલાક તો બાર જુગ જેવા થઇ પડયા. રાત થતા બિછાનામાં પડયો પણ નિદ્રા ઉજાગરાએ બે દીવસ થયા પણ આવતી નથી ને વિચારસા-ગરમાંજ ગાંડા માણુસની પેઠે રાત કાઢી સવાર થતાં શેઠ કલ્યાણ-જીને ઘેર ગયો.

કલ્યાણજી પણ રાજાની આવી સ્થિતી થઇ ગએલી ને વાતની મેળવણી જોઇ ગભરાયો હતો ને તે હવે મારા શા હાલ થશે વ-ગેરે વિચાર કરવા લાગ્યો, પણ ઉપાય સુઝે તેવું નહોતું કેમકે રાત દીવસ બશેં માણુસો શેઠના ઘરની આસપાસ ઉઘાડી તરવારે ચોકી ભરતું હતું અને અંદરખાને પણ ચોકી ના માણસો રાખેલ હતા કે જેથી એક બીજાને વાત સરખી પણ કહેવા પામે નહી.

પછી રાજા આવતાં અભેસીહે કહી રાખ્યા પ્રમાણે જમ-નાએ આગળ વાત ચલુ કરી, તેમાં આતમઘાત કરવાની તૈયારીમાં છતાં દાખલા લઇ ન કરવાની, લગ્ન આવવાની, હાડકાના ખોખા રૂપ બહાર નીકળવાની, ભાડે પરણવાની તથા છેવટ–મધદરીએ પાટીએ-થી પછાડી દરીઆમાં ડુબાવવાની વાત કહેતાંજ રાજાએ માથુ પછા-ડયુ–ને ધીરજ રહી નહીં. ખુલું મૂખ મૂકી મોટેથી રોવા માંડયુ.ત્યારે જમનાએ કહ્યુ જે આપના સારા ભાગ્ય હોય તો વહાણુ પછવાડે મારી, વહેલ હતી તેમાં આવી ગયા હોય તો જુઓ. એમ કહી પેટી ઉઘાડીતો અભેસીંહને ભાળ્યો–એકી સાથે જેમ સાણી

મુદના લોઢ અફળાય તેમ આ વખતે શોક અને હર્ષનો મેળાપ થયો. બંને ગાંડાઘેલા જેવા થઇ ગયા ને જાણ્યું જે આ તે ખરેખર છે કે સ્વપનું છે. અંતે ખાત્રી થઈ કે તે સર્વ ખરૂ છે એટલે બંને ભાઇ ભેટયા ને હર્ષાશ્રુએ એક બીજાના શરીર ભીંજવ્યાં. અને જમનાના બન્ને મોંએ વખાણ કરવા માંડયાં. પછી અભેસીંહને માનસીંહ પોતાને બંગલે લઇ ગયો—અને પડદાવાળી ઘોડાગાડી મોકલી જમનાને પણ રાજમહેલમાં તેડાવી લીધી અને પોતે પરણેલી રાણી પાસે મોકલી દીધી. પછી કલ્યાણજી તથા તેની સ્ત્રી મોંઘીને પકડાવી બંધાવી મંગાવ્યા. અને ગામમાં ઢંઢેરો પીટાવી તેનું ઘર જેને જેમ ફાવે તેમ લૂંટાવી દીધું. તેની દુકાનોના પણ તેજ હાલ કર્યા કહ્યું છે કે

सिद्धांत:सर्वशास्त्राणा मयंनकलुषंपरं;
विश्वासघातात्पापं चनपरोपकृतेपरं. १

સર્વ શાસ્ત્રનો સિધાંત છે કે પરોપકારના જેવું મોટું પુન્ય નથી અને વિશ્વાસઘાતના જેવું મોટું પાપ નથી. તેજ પ્રમાણે કલ્લે કરેલ વિશ્વાસઘાતનું ફળ પામવાનો વખત આવ્યો કેમકે હવે તેના સર્વ પાપનો ઘડો ભરાઇ રહ્યો હતો, તેથી રાજાએ પેલા બે શેઠ શેઠાણીને સાથે સામાસામા બંધાવી ભોંય નાંખી તે પર સામસામા ગાડાં ચલાવી રીબી રીબીને મારી નંખાવ્યા. આમ ન કરવા અભેસીહે માનસીંહને ઘણો વાર્યો પણ તે બોલ્યો જે—

શઠંપ્રત્યેશઠંકુર્યાત—એવાને તો એવીજ સજા ઘટીત છે.

...નથી આખું શહેર જાણીતું થઇ ગયું ને તે રાજાનોજ ભાઇ તથા કલે કરેલ જુલમ સાંભળી કલાના નજીકના

સંબંધી સીવાય આ કરેલ ઇનસાફનો કોઇને પણ જુલમ લાગ્યો નહીં.

ત્યાર પછી બંને ભાઇઓ સુખેથી રહેવા માંડયા. તેવામાં બે માસે વૃદ્ધ રાજા અજેપાળે પણ સ્વર્ગવાસ કર્યો તેથી તેનું સારી રીતે ઉત્તરકાર્ય કર્યું. ને હવે તો આખી ગાદીનો વારસ માનસીંહજી થયો. અભેસીંહના કહેવાથી પાંચ પચીશ માણસો સહીત પોતાના પીતા વિજયસિંહની ખબર કાઢવા ચાલી નીકળ્યા. અને ત્યાં પ્રતાપગઢ આવી જુએ છે તો મોટું લશ્કર પડેલું દીઠું તપાસ કરતાં માલૂમ પડયું કે ચીતોડનો મહારાજા ઉદયસીંહ ચડેલી ખંડણી લેવા આવેલ છે, અને જેપુરનો મંડળીક રાજસીંહ વિજયસીંહ પાસે વસ્ટીએ ગએલ છે ને વિજયસીંહનો કારભારી તેજપાળ વિજયસીંહ તરફથી ઉદયસીંહ પાસે આવેલ છે અને છેવટ ઠરાવ થયો છે કે વિજયસિંહ મોંમા ખડ ને ખાસડું લઇ બે હાથ બાંધી ઉદયસીંહને આવી પગે પડે તો તેનું રાજ તેને સુખે ખાવા દેવું ને એમ ન કરે તો લડાઇ કરી લઇ લેવું. આ વાત સાંભળી અભેસીંહનું તો લોહી તપી ગયું પણ માનસીંહે વારી રાખ્યો અને કહ્યું કે આમ અગ્નિમાં ઝંપલાવાય નહીં. આપણે પચીશ જણ આ ત્રીશ ચાલીશ હજારની ફોજ પાસે કોણ માત્રમાં છીએ. એમ સમજાવી માનસીંહ ઉદયસીંહ પાસે પ્રથમ કહેવરાવી મુલાકાતે ગયો ને કહ્યું જે હું કનંકાવટીનો રાજા છું. અને ચડેલ ખંડણી હું આપું એમ કહી પોતાના સાથેના બધા માણુસોને બોલાવ્યા ને ભરેલા સોનામહોરોના ખડીઆ ઠલવ્યા જેનો કે એક મોટો અંબાર (ઢગલો) થયો. લડાઇ બંધ થઇ. વિજયસિંહને હવે નમવા કારણ રહયું નહિં અને છેવટ વાતપર વાતાં તે મહારાજ વિજયસિંહનાજ કુમાર છે જાણી ઘણીં

અંતે ઉદયસિંહે બે પાંચ દીવસ રહી વિજયસિંહજીની ગાદી તેની મરજીથી માનસિંહને આપી. ને વૃદ્ધ રાજા વિજયસિંહ ઇશ્વર ભજનમાં વખત ગાળવા લાગ્યો. પછી કનકાવટીનું રાજ માનસિંહે અભેસિંહને આપવાથી તે ત્યાં જઇ રાજ કરવા લાગ્યો એવી રીતે જો બંને ભાઇ જીવતા હતા તો ગઇ લાજ રાખી. એમ વાત કરતાં ગાંગો ને તેનો દીકરો ઝુઝો ચાલ્યા જાય છે ત્યાં સાંજ પડી અને એક ગામ આવ્યું ત્યાં બંને જણા રાત રહી બીજે દીવસે જોધપુર જઇ પહોંચ્યા.

જોધપુરના મહારાજા જસવંતસિંહને કોઇ પણ પ્રકારે ગાંગો ને તેનો દીકરો ઝુઝો મળ્યા ને પોતે રાયગઢનો મુખ્ય સલાટ છે વગેરે હકીકત જાહેર કરતાં મહારાજાએ તેમનો સારો આદરસત્કાર કર્યો. અને તેમની દેખરેખ નીચે બીજા સલાટો કડીઆ, મજુરો વગેરે ગાંગાના કહેવા પ્રમાણે આપી એક મોટો બંગલો ચણાવવો શરૂ કર્યો. ચાર વરસે સર્વ કામ પૂરૂ થઇ રહ્યું. ફક્ત ઉપર ઇંડાં ચડાવવા બાકી રહેલ હતાં તે ચડાવવા જતાં બંગલાનો ઢાળ વિશેશ હોવાથી વખતે જીવ જાય તેમ હતું. તેથી તે ચડાવવા કોઇની હીમત ચાલતી નથી. એટલે રાજાએ તે ચડાવવા ગાંગાને અને ઝુઝાને કહ્યું. તેણે જાણ્યુ જે મોત આવ્યું કેમકે નિરાધાર ઉપર જઇ ચડાવવું મુશ્કેલ હતુ. વળી રાજાએ ફક્ત બંગલો એવો તો સરસ બન્યો હતો કે રાજસ્થાનમાં કોઇ પણ જગ્યોએ તેવો નહોતો. તો તેથી વિશેશ શોભાવાળો તો હોયજ ક્યાંથી. તેથી કોઇ પણ જગોએ જઇ ફરીથી એવો કે તેથી પણ સારો બંગલો ..રે એટલા માટે જેમ જેમ ગાંગો ઇંડુ ચડાવવા ના કહેછે તેમ ..નથી તેનેજ ચડાવવા આગ્રહ કરવા લાગ્યો કેમકે તેમ થતાં ગાં-

ગાનું મૃત્યુ થાયતો ધારેલ મનોરથ પણ પાર પડે. જે બીજો કોઇ પણ જગોએ ફરી એવો બંગલો થાય નહીં.

છેવટે ગાંગે જાણ્યું જે રાજા હવે છોડે તેમ નથી તેથી તે વિચાર કરી બોલ્યો જે સાહેબ અમે ચડાવીએ પણ તે ચડાવવાના ઓજાર અ-મારીપાસે નથી તે અમે ઘેર ભૂલી ગયા છીએ માટે તે આવે ત્યાર પછી ચડે. રાજાએ માણસ મોકલી મગાવવા કહ્યું ત્યારે ગાંગે કહ્યું મારે ત્યાં પણ આપની તેમજ ઇશ્વરની કૃપાએ લીલા લહેરછે. તો એવા હલકા માણસને એવી અમૂલ્ય વસ્તુ એમ કહે કે કાગળ લખે આ-પશે નહીં. રાજાએ કહ્યું તો શી રીતે આવે? ગાંગે કહ્યું કાંતો અમે જઇ લઇ આવીએ તો આવે અથવા અમારા હાથનો કાગળ લઇ આપના કુમારશ્રી ભગવાનસીંહ, મુખ્ય કારભારી પાનાશાના પુત્ર ગ-ગનલાલ મુખ્ય વજીર હમીરસીંહના પૂત્ર જોરાવરસીંહ અને હજુરી રણછોડજી ભાઇના પુત્ર મેરૂભાઇ જાયતો આવે. ઘણો વિચાર કરી તે કામતો કર્યા વિના છૂટકો નથીજ એમ જાણી તે પ્રમાણે મોકલવા માટે નક્કી કર્યું. ચારે જુવાનીઆ તૈયાર થયા ને ઘોડારમાંથી સારા સારા ઘોડા લઇ પલાણ નંખાવી તૈયાર થઇ સ્વાર બની રાજાની રજા લેવા આવ્યા એટલે ગાંગે કાગળ લખી આપ્યો. એટલે તેઓ રાજા સાહેબને સલામ કરી ચાલી નીકળ્યા.

રસ્તે એકાદ બે રાત્રી રહી સાંજને સમયે ગાંગાને ગામ રાયગઢ પ-હોચ્યાં. ગામમાં ગયા ને ગાંગાનું ઘર પૂછ્યું. ને પૂછતાં પૂછતાં તેને ઘેર જઇ કાગળ આપ્યો. ફોડી વંચાવી જોયો તો જીવાદોરી તથા પ્રાણુાબર ખુણો મગાવેલ છે તે જાણી પેલી ઝુંઝાની સ્ત્રીઓ જવલ, પૂરી, રાજ-વગેરે બેઠેલ હતી તેમણે કહ્યુ કે દોરી, ઓળીબો, કાટખૂણે

ઓજાર તેઓ સાથેજ લઇ ગયા છે. આ વાત સાંભળી આવેલા સર્વે જણે જાણ્યુ જે ફોકટ ફેરો થયો. ને પાછા જવા ચાલી નીકળ્યાં ત્યાં પેલી સાતમી કુંઆની સ્ત્રી રળીયાત જે કે પાણી ભરવા ગયેલ તે બેહું લઇ સાગી મળી. તેણે તેઓને પોતાનાજ નાકામાંથી નીકળતા જાણી પૂછ્યું. તો પોતાને ઘરે ગયેલને પાછા બબડતા જતા જાણ્યા. એટલે રળીયાતે કહ્યું સાહેબો પધારો, તેની મને ખબર છે. કેમકે હું પોતે ગાંગાના દીકરાની વહુ છું એમ કહી સર્વે ને પાછા વાળી પોતાને ઘેર આણ્યા. ઘોડા બંધાવી ઘાસ નંખાવ્યું. ને સારી રીતે રસોઇ કરી સર્વેને જમાડયા ને પછી પોતે પેલો આણેલ કાગળ વાંચી વિચારમાં પડી છેવટ રાત્રે કહ્યું કે અહીં કોઇ આદમી માણસ નથી ને ઉપલી મેડીએ ને બંને વસ્તુઓ પેટીમાં છે જો તમો ચારે જણા ચાલો ને પટારો મોટો છે તો ઉપાડી કાઢો તો નીકળી શકે. એમ કહી ઉપર ચડાવ્યા ને છેક ત્રીજે માળ જઇ તાળુ ઉઘાડવા કુંચી આપી પેલા ઉઘાડેછે ને આમ તેમ જુએછે ત્યાં બહાર નીકળી રળીઆતે સાંકળ ચડાવી કહ્યું. "હે કાળાકામના કરનારાઓ જ્યારે મારો ધણી તથા સસરો અહીં સહી સલામત બંને ઘેર આવશે ત્યારે તમારો છુટકો થશે નહી તો ત્યાં ત્રીજે માળેથી પડતા મૂકી મરો." આ વચનો સાંભળી સર્વે ગભરાયા ને જાણ્યુ જે આણે તો કેદ કર્યા તેમાંથી છુટી શકાય તેમ ન હોવાથી અંતે કાગળની ચીઠીઓ લખી લખી રસ્તા પર નાંખી. તેમાંથી એક ચીઠી એક બ્રાહ્મણને હાથ આવી તે લઇને જોધપૂર જાયતેને રૂ૧૦૦૦) એક હજાર મળવાનું તેમાં લખેલ હોવાથી તે ગરીબ બ્રાહ્મણ 'વાગ્યું તો તીર નહી તો થોથું' એમ સમજીને લઇ ઘેર ગયો ને ઘસીઓ કરાવી તે લઇ ચાલી નીકળ્યો. ઘસીઓ ફાકતો ગજલ કરતો બેત્રણ